# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

તારીખ : ૩૦ જાન્યુઆરી ૨૦૨૪, મંગળવાર | વર્ષ : ૧૫ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦

વિક્રમ સંવત ૨૦૮૦, પોષ વદ ચોથ | અંક : ૧૭૯ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886


### પરીક્ષા પે ચર્ચા કાર્યક્રમમાં મોદીની છાત્રો સાથે ચર્ચા

# રીલ્સ જોવામાં સમય બરબાદ ન કરો, અભ્યાસ પર પૂરતું ધ્યાન આપો : વડાપ્રધાન નરેન્દ્ર મોદી

### આ ઉંમરમાં ભોજન અને ઉંઘનું સંતુલન બનાવવું ખુબ જ જરૂરી છે, બાળકોએ ભરપૂર ઉંઘ લેવી જોઈએ, માત્ર મોબાઈલ જ ન જોવો જોઈએ : વડાપ્રધાન

। નવી દિલ્હી, તા.૨૯ ।

વડાપ્રધાન નરેન્દ્ર મોદી આજે દિલ્હીના પ્રગતિ મેદાન ખાતે 'પરીક્ષા પે ચર્ચા' કાર્યક્રમમાં દ્વારા બોર્ડ પરીક્ષાના વિદ્યાર્થીઓ સાથે વાર્તાલાપ કર્યો હતો. આ દરમિયાન વડાપ્રધાન મોદીએ બાળકોને કેટલાક ગુરુ મંત્રો આપ્યા હતા. તેમણે બાળકોને કહ્યું કે, 'રીલ્સ જોવામાં સમય બરબાદ ન કરો. અભ્યાસ પર પૂરતું ધ્યાન આપવું જોઈએ. આ ઉંમરમાં ભોજન અને ઉંઘનું સંતુલન બનાવવું ખુબ જ જરૂરી છે. બાળકોએ ભરપૂર ઉંઘ લેવી જોઈએ, માત્ર મોબાઈલ જ ન જોવો જોઈએ. ઘણા બધા લોકો કલાકો સુધી મોબાઈલ જોતા રહે છે. એક સમય નક્કી કરો. વિદ્યાર્થીઓએ



(એજન્સી)

વડાપ્રધાન મોદીને પૂછ્યું કે કેટલાક લો[illegible] છે કે મિત્રતા ડુબાડે છે. આ પ્રશ્નનો જવાબ આપતા વડાપ્રધાને કહ્યું હતું કે, 'મિત્રતા ખૂબ જ મહત્વપૂર્ણ છે. મેં ઘણી વખત જોયું છે કે કોઈ મિત્ર તમને શિક્ષક કરતાં વધુ શીખવે છે, જેમ કે, જો કોઈ મિત્ર ગણિત અથવા ભાષામાં મજબૂત હોય, તો તે તેના મિત્રને પણ મજબૂત બનાવે છે. મેં એવા મિત્રો જોયા છે જે ભલે પોતે નિષ્ફળ જાય પણ પોતાના મિત્રોને આગળ વધવામાં મદદ કરે. જો મિત્રો સારા માર્ક્સ ન મેળવે અને પ્રથમ આવે તો તેઓ પાર્ટી પણ કરતા નથી, આ છે મિત્રતા.' પરીક્ષા પે ચર્ચામાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું કે, 'શિક્ષક અને વિદ્યાર્થી વચ્ચે બંધન હોવું મહત્ત્વપૂર્ણ છે અને તેમની વચ્ચે મિત્રતાનો સંબંધ હોવો જોઈએ. શિક્ષકનું કામ નોકરી બદલવાનું નથી, પરંતુ વિદ્યાર્થીઓનું જીવન બદલવાનું અને તેમને સારું બનાવવાનું છે. વિદ્યાર્થીઓના વાલીઓને સલાહ આપતા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું કે,'કેટલીક ભૂલો માતા-પિતાના અતિશય ઉત્સાહથી થાય છે, જ્યારે કેટલાક વિદ્યાર્થીઓ ડરના કારણે કરે છે. કેટલાક માતા-પિતાને લાગે છે કે આ સાચું છે, તે સાચું છે, તેઓએ આમાંથી બહાર આવવું પડશે. પરીક્ષા દરમિયાન આ ખાવું જોઈએ જેથી પેપર સાચુ આવે. આટલો તણાવ જે ઘરની બહાર નીકળતા પહેલા જ શરૂ થઈ જાય છે, બાળક કેવી રીતે સારું કરશે.' વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું કે, 'પરીક્ષા આપતી વખતે વિદ્યાર્થીઓ પેપર જોતાની સાથે જ તણાવમાં આવી જાય છે. બાળકો વિચારવા લાગે છે કે તેને પેપર પ્રથમ મળ્યું, તેને ઓછો સમય મળશે અથવા વધુ સમય લાગ્યો, તેણે પહેલા કોઈ અન્ય પ્રશ્ન પૂછવો જોઈતો હતો. સૌપ્રથમ બાળકોએ આખું પેપર વાંચવું જોઈએ, પછી તેમના મનમાં નક્કી કરવું જોઈએ કે કયા પ્રશ્ન માટે કેટલો સમય લાગશે અને પછી તેણે તે મુજબ જવાબ આપવો જોઈએ.'

## ન્યૂઝ બ્રિફ

### ઈડીની ટીમ હેમંત સોરેનની પૂછપરછ માટે દિલ્હીના નિવાસે ત્રાટકી



। નવી દિલ્હી, તા.૨૯ ।

એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી) ની ટીમ મની લોન્ડરિંગ મામલે તપાસ કરવા સોમવારે સવારે ઝારખંડના મુખ્યમંત્રી હેમંત સોરેનના દિલ્હી નિવાસે પહોંચી ગઇ હતી. ઈડીના અધિકારીઓ હવે સીએમ સોરેનની પૂછપરછ કરી હતી. અગાઉ કેન્દ્રીય તપાસ એજન્સી ઈડીએ ૨૦ જાન્યુઆરીએ મની લોન્ડરિંગના કેસમાં મુખ્યમંત્રી હેમંત સોરેનનું નિવેદન તેમના નિવાસે નોંધ્યું હતું. તેના પછી ફરી સમન્સ મોકલાયું હતું કેમ કે તે દિવસે પૂછપરછ થઈ શકી નહોતી.

### ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે બીજી ટેસ્ટ મેચ ૨ ફેબ્રુઆરીથી વિશાખાપટ્ટનમમાં રમાશે

। મુંબઈ, તા.૨૯ ।

ઈંગ્લેન્ડ સામે હૈદરાબાદ ટેસ્ટમાં ભારતે ૨૮ રનથી હારનો સામનો કરવો પડ્યો હતો. આ જીત સાથે ઈંગ્લેન્ડની ટીમ પાંચ મેચની સિરીઝમાં ૧-૦થી આગળ થઈ ગઈ છે. આ મેચમાં પ્રથમ ઈનિંગમાં ૧૯૦ રનની લીડ મેળવ્યા બાદ પણ ટીમ ઈન્ડિયાએ હારનો સામનો કરવો પડ્યો હતો. ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે બીજી ટેસ્ટ મેચ ૨ ફેબ્રુઆરીથી વિશાખાપટ્ટનમમાં રમાશે. પરંતુ આ પહેલા ટીમ ઈન્ડિયા માટે ખરાબ સમાચાર સામે આવ્યા છે. ભારતીય ક્રિકેટ બોર્ડે આપેલી માહિતી પ્રમાણે રવિન્દ્ર જાડેજા અને કેએલ રાહુલ બીજી ટેસ્ટ મેચમાં રમશે નહીં. રવિન્દ્ર જાડેજાને બીજી દરમિયાન હેમસ્ટ્રિંગ ઈંજરી થઈ હતી.

### ભારતીય શેરબજારમાં જોરદાર તેજી જોવા મળી

# સેન્સેક્સમાં ૧૨૪૦, નિફ્ટીમાં ૩૮૫ પોઈન્ટનો વધારો થયો

। (એજન્સી) મુંબઈ, તા.૨૯ ।

સોમવારે શેરબજારના કામકાજમાં બમ્પર વધારો નોંધવામાં આવ્યો હતો અને બીએસઈસેન્સેક્સ અને એનએસઈનિફ્ટી ભારે ઉછાળા સાથે બંધ થયા હતા. બીએસઈસેન્સેક્સ ૧૨૪૦ પોઈન્ટ ઉછળીને ૭૧૯૪૧ પોઈન્ટના સ્તરે બંધ થયો છે, જ્યારે નેશનલ સ્ટોક એક્સચેન્જનો નિફ્ટી ૩૮૫ પોઈન્ટના વધારા સાથે ૨૧૭૩૭ પોઈન્ટના સ્તરે બંધ થવામાં સફળ રહ્યો છે. શેરબજારના કારોબારમાં બમ્પર તેજીના સમયગાળામાં સોમવારે ઘણી કંપનીઓના શેરમાં ભારે ઉછાળો નોંધાયો છે.

સોમવારે, શેરબજારના કામકાજમાં ઘણો વેગ નોંધાયો હતો અને બીએસઈસેન્સેક્સ અને એનએસઈનિફ્ટી બમ્પર ગેઈન પર



બંધ થયા હતા. શેરબજારમાં ઉર્જા ગ્લોબલના શેરમાં ૨૦ ટકાનો ઉછાળો નોંધાયો હતો. ગૌતમ અદાણીની લિસ્ટેડ ૧૦માંથી ૯ કંપનીઓના શેર ઉછળીને બંધ થયા હતા. એનડીટીવીના શેરમાં થોડી નબળાઈ નોંધાઈ હતી. અદાણી એન્ટરપ્રાઈઝનો શેર ૬ ટકાના ઉછાળા સાથે બંધ થયો હતો. અદાણી પાવર પાંચ ટકાના વધારા સાથે બંધ થયો હતો, જ્યારે અદાણી પોર્ટ્સ અને અદાણી એનર્જી સોલ્યુશન્સ લગભગ ૪ ટકાના વધારા સાથે બંધ થયા હતા. શેરબજારના રોકાણકારોને મલ્ટિબેગર રિટર્ન આપતી કંપનીઓ વિશે વાત કરીએ તો રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના શેરમાં સોમવારે ૭.૨૪ ટકાનો વધારો નોંધાયો હતો. ટાટા મોટર્સ, ફેડરલ બેંક, એક્સિસ બેંક, એચડીએફસીબેંક, બજાજ ફાઈનાન્સ, આઈઆરસીટીસી, મારુતિ સુઝુકી, આઈસીઆઈસીઆઈબેંક અને મુથૂટ ફાઈનાન્સના શેરમાં વધારો નોંધાયો હતો જ્યારે પતંજલિ ફૂડ્સ, ઈન્ફોસિસ, દેવયાની, અશ્રિશા અને એસબીઆકાર્ડના શેરમાં નબળાઈ નોંધાઈ હતી. આઈઆરઈડીએના શેર સોમવારે ૫ ટકાના વધારા સાથે રૂ. ૧૭૮ના સ્તરે પહોંચ્યા હતા.

### ચૂંટણી પંચે રાજ્યસભાની ચૂંટણીની તારીખો જાહેર કરી

# દેશની ૫૬ રાજ્યસભા બેઠકો માટે ૨૭ ફેબ્રુઆરીએ ચૂંટણી

### ગુજરાતની ચાર બેઠકો પર પણ ચૂંટણી : નામાંકન ભરવાની છેલ્લી તારીખ ૧૫ ફેબ્રુઆરી, ૨૭ ફેબ્રુઆરીએ પરિણામ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૯ ।

ચૂંટણી પંચે ગુજરાતની ૪ બેઠકો સહિત દેશની ૫૬ રાજ્યસભા બેઠકો પર ચૂંટણી તારીખોનું એલાન કરી દીધું છે. ૧૫ રાજ્યોની ૫૬ રાજ્યસભા બેઠકો પર ૨૭ ફેબ્રુઆરીએ ચૂંટણી યોજાશે. ચૂંટણી પંચે જણાવ્યું કે, ૫૬ રાજ્યસભા સાંસદોનો કાર્યકાળ એપ્રિલ ૨૦૨૪માં પૂર્ણ થશે. જેના પર ૨૭ ફેબ્રુઆરીએ સવારે ૯ વાગ્યાથી સાંજે ૪ વાગ્યા સુધી મતદાન થશે. નામાંકન ભરવાની છેલ્લી તારીખ ૧૫ ફેબ્રુઆરી છે. જ્યારે ૨૭ ફેબ્રુઆરીએ જ પરિણામ જાહેર થશે. મહત્વનું છે કે, ગુજરાતના રાજ્યસભાના સાંસદ મનસુખ માંડવિયા, અમીબેન યાજ્ઞિક, નારાયણ રાઠવા અને પરષોત્તમ રૂપાલાની ટર્મ પૂર્ણ થશે. ૫૬ બેઠકોમાંથી સૌથી વધુ ૧૦ ઉત્તરપ્રદેશની છે. આ સિવાય મહારાષ્ટ્ર-બિહારની ૬-૬ બેઠકો છે. જ્યારે મધ્યપ્રદેશ-પશ્ચિમ બંગાળની ૫-૫ બેઠકો છે. કર્ણાટક-ગુજરાતની ૪-૪ રાજ્યસભા બેઠકો પર પણ ૨૭ ફેબ્રુઆરીએ ચૂંટણી થશે. આ સિવાય તેલંગાણા-રાજસ્થાન અને ઓડિસાની ૩-૩ બેઠકો પર મતદાન થશે. જ્યારે છત્તીસગઢ, ઉત્તરાખંડ, હરિયાણા અને હિમાચલની ૧-૧ બેઠકો પર મતદાન થશે. રાજ્યસભાની ૫૬ બેઠકો પર ૨૭ ફેબ્રુઆરીએ મતદાન થવાનું છે અને આ દિવસે જ પરિણામ આવશે. ચૂંટણી માટે આયોગ ૮ ફેબ્રુઆરીએ નોટિફિકેશન જાહેર કરશે. નામાંકનની તારીખ ૧૫ ફેબ્રુઆરી છે. નામાંકન પત્રોની તપાસની તારીખ ૧૬ ફેબ્રુઆરી છે. ઉમેદવાર ૨૦ ફેબ્રુઆરી સુધી નામ પરત લઈ શકશે.









### ગૃહ મંત્રાલય દ્વારા આદેશ જાહેર કરાયો

# SIMI ઉપર વધારવામાં આવ્યો પાંચ વર્ષનો પ્રતિબંધ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૯ ।

કેન્દ્રીય ગૃહ મંત્રાલયે સ્ટુડન્ટ્સ ઈસ્લામિક મૂવમેન્ટ ઓફ ઈન્ડિયા (SIMI) પરનો પ્રતિબંધ પાંચ વર્ષ માટે વધાર્યો છે. ગૃહ મંત્રાલયે સોમવારે (૨૯ જાન્યુઆરી) સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર પોસ્ટ દ્વારા આ પ્રતિબંધને લંબાવવાના આદેશની માહિતી શેર કરી હતી. ગૃહ મંત્રાલયે પોસ્ટમાં લખ્યું હતું કે આતંકવાદ વિરુદ્ધ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ઝીરો ટોલરન્સ અભિગમ હેઠળ 'સ્ટુડન્ટ્સ ઈસ્લામિક મૂવમેન્ટ ઓફ ઈન્ડિયા' (SIMI)ને આગામી પાંચ વર્ષ માટે UAPA હેઠળ ગેરકાયદેસર સંગઠન જાહેર કરવામાં આવ્યું છે. કેન્દ્ર સરકાર તરફથી કહેવામાં આવ્યું છે કે સિમી ભારતની સાર્વભૌમત્વ, સુરક્ષા અને અખંડિતતાને જોખમમાં નાખવા, આતંકવાદને પ્રોત્સાહન આપવા, શાંતિ અને સાંપ્રદાયિક સૌહાર્દને ખલેલ પહોંચાડવામાં સામેલ હોવાનું જાણવા મળ્યું છે.




### વડોદરા હરણી લેક દુર્ઘટના તપાસમાં મોટો ખુલાસો

# એક ટન વજનની ક્ષમતા ધરાવતી બોટમાં દોઢ ટન વજન કરવામાં આવ્યુ

## બોટમાં આગળના ભાગમાં કોઈને બેસાડવાના હોતા નથી, જ્યાં કોઈને બેસાડી ન શકાય ત્યાં દસ બાળકોને બેસાડવામાં આવ્યા હતા

। (એજન્સી) વડોદરા, તા.૨૯ ।

હરણી લેકઝોનની દુર્ઘટનામાં પોલીસ અને FSL ની તપાસમાં મોટો ખુલાસો થયો છે. તપાસમાં સામે આવ્યુ છે કે, બોટની ક્ષમતા કરતા વધુ લોકોને બેસાડવાને કારણે જ આ ગોઝારી દુર્ઘટના સર્જાઈ હતી. બોટ બનાવનાર કંપની દ્વારા પણ લેક ઝોન સંચાલકોની બેદરકારી ખુલ્લી પાડવામાં આવી છે. બોટ બનાવનારા કંપની સંચાલકોએ પૂછપરછમાં જણાવ્યુ છે કે, અમારી બનાવેલી બોટની ક્ષમતા માત્ર એક ટન વજનની હતી જેમાં દોઢ ટન વજન કરવામાં આવ્યુ હતુ. નોંધનીય છે કે, હરણીના લેકઝોન ખાતે ગત તા.૧૮મીએ શહેરની ન્યૂ સનરાઈઝ શાળાના બાળકો પ્રવાસમાં આવ્યા હતા. જ્યાં બોટિંગ દરમિયાન બોટ પલટી ખાતા ૧૨ વિદ્યાર્થીઓ સાથે બે શિક્ષિકા સહિત કુલ ૧૪ લોકોના મોત નીપજ્યા હતા. આ અંગે પોલીસ અને એફએસએલના રિપોર્ટમાં અનેક ખુલાસા સામે આવ્યા છે. જેમા જાણવા મળ્યુ છે કે, હરણી લેકમાં બોટની ક્ષમતા કરતા વધુ લોકોને બેસાડવાને કારણે જ આ દુર્ઘટના સર્જાઈ હતી. આ સાથે તપાસમાં સામે આવ્યુ છે કે, એક ટન વજનની ક્ષમતા ધરાવતી બોટમાં દોઢ ટન વજન થઈ ગયું હતું. નિયમ પ્રમાણે બોટમાં આગળના ભાગમાં કોઈને બેસાડવાના હોતા નથી. જ્યાં કોઈને બેસાડી ન શકાય ત્યાં દસ બાળકોને બેસાડવામાં આવ્યા હતા. આગળના ભાગે બાળકો બેસાડ્યા હતા જેથી ટર્ન લેતી વખતે બોટ પલટી ખાઈ ગઈ હતી. આ ઉપરાંત બોટ બનાવનાર કંપનીએ પણ લેક ઝોન સંચાલકોની બેદરકારી ખુલ્લી પાડી છે. કંપની સંચાલકોએ કહ્યું છે કે, અમારી બનાવેલી બોટની ક્ષમતા માત્ર એક ટન વજનની જ હતી. જેમાં દોઢ ટન વજન કરવામાં આવ્યુ હતુ. આપને જણાવીએ કે, હરણી લેકઝોનની દુર્ઘટનામાં પકડાયેલા આરોપી પરેશ શાહ અને ગોપાલ શાહને કોર્ટમાં રજૂ કરાયા હતાં. આ ગુનામાં પૂછપરછ માટે કોર્ટે બંને આરોપીના નવ દિવસના રિમાન્ડ મંજૂર કર્યા હતાં. નોંધનીય છે કે, ગોપાલ શાહ, બિનિત કોટિયાએ પોલીસની પૂછપરછમાં પરેશ શાહ સામે બળાપો કાઢ્યો હતો.

### ઘણા વિસ્તારમાં ઘટશે ઠંડી

# ઘણા રાજ્યમાં કમોસમી વરસાદની આગાહી કરાઈ

## ગુજરાતના મોટા ભાગના શહેરમાં તાપમાન ૧૫ ડિગ્રીને પાર પહોંચતા શિયાળો વિદાય લઇ રહ્યો હોય તેવી સ્થિતિ સર્જાઇ છે

। (એજન્સી) અમદાવાદ, તા.૨૯ ।

ગુજરાતમાં શિયાળાની વિદાયની શરૂઆત થઈ ગઈ છે. રાજ્યના ૧૨ શહેરોમાં તાપમાનનો પારો ૧૫ ડિગ્રીએ પહોંચતા ઠંડીમાં પ્રમાણસર ઘટાડો થયો છે. હવામાન વિભાગની આગાહી મુજબ આગામી ત્રણ દિવસ તાપમાનમાં કોઈ ફેરફારની શક્યતા નહીંવત છે. કચ્છ-સૌરાષ્ટ્રમાં સવારે હજુ પણ કડકડતી ઠંડીનો માર યથાવત છે. ૯ ડિગ્રી સાથે નલિયા રાજ્યનું સૌથી ઠંડુ શહેર રહ્યું. તો રાજકોટ અને સુરેન્દ્રનગરમાં તાપમાન ૧૨.૪ ડિગ્રી પર પહોંચ્યું, પોરબંદર, ભૂજ,કેશોદ, મહુવામાં પણ તાપમાનના પારો ૧૪ ડિગ્રીએ પહોંચ્યો. અમદાવાદમાં તાપમાનનો પારો ૩૦ ડિગ્રીને પાર થતા ઠંડીનું પ્રમાણ નહિવત અનુભાવાઈ રહ્યું છે. અમદાવાદમાં મિશ્ર સિઝનનો અનુભવ થઈ રહ્યો છે. સવારે અને મોડી રાત સિવાય લોકો ગરમીનો અનુભવ કરી રહ્યાં છે. અમદાવાદમાં લઘુતમ તાપમાનનો પારો ૧૨.૩ ડિગ્રી પર પહોંચ્યો.. આગામી પાંચ દિવસ ૧૪થી ૧૬ ડિગ્રી વચ્ચે તાપમાન રહેવાની આગાહી છે. તો પહાડી રાજ્યોમાં કાતિલ ઠંડીનો માર યથાવત છે. હિમાચલ પ્રદેશના કેટલાક વિસ્તારો અને ઉત્તરાખંડમાં હળવા વરસાદની સાથે હિમ વર્ષાની હવામાન વિભાગની આગાહી કરવામાં આવી છે. દેશના કેટલાક રાજ્યોમાં તાપમાનનો પારો ચઢતા ઠંડીનું પ્રમાણ મહદઅંશે ઘટી રહ્યું છે. તો બીજી તરફ યુપી સહિત આ વિસ્તારમાં વરસાદનું અનુમાન છે. ઉત્તર પ્રદેશમાં આ દિવસોમાં ઠંડીનું મોજું યથાવત છે, પરંતુ ટૂંક સમયમાં જ લોકોને તીવ્ર ઠંડી અને કોલ્ડવેવથી રાહત મળવાની છે. આગામી ૪૮



કલાકમાં ઠંડીનો પ્રકોપ ઓછો થવાની સંભાવના છે. દરમિયાન, ૩૧ ડિસેમ્બરથી પશ્ચિમ યુપી અને પૂર્વીય યુપીના કેટલાક ભાગોમાં વરસાદની સંભાવના છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, ફેબ્રુઆરીના પ્રથમ સપ્તાહમાં વરસાદની સંભાવના છે. તો બીજી તરફ દિલ્લીની વાત કરીએ તો આ શિયાળામાં હવામાનનો મિજાજ જ નહીં, તેની આગાહી પણ એક કોયડો બની ગઈ છે. જો આગાહી ઠંડી હોય તો સૂર્ય ચમકે છે અને જ્યારે આકાશ સ્વચ્છ રહેવાની આગાહી કરવામાં આવે છે તો દિવસભર વાદળછાયું વાતાવરણ રહે છે. ઉદાહરણ તરીકે, શનિવારે, દિવસભર સૂર્યપ્રકાશ રહ્યો,, તેથી માત્ર તાપમાનમાં વધારો થયો ન હતો, પરંતુ ઠંડીમાં પણ અચાનક ઘટાડો થયો હતો. પરંતુ રવિવારે દિવસભર વાદળછાયું વાતાવરણ રહેતા ઠંડીમાં ફરી વધારો થયો હતો. તાપમાન પણ સામાન્ય કરતાં ઓછું નોંધાયું હતું.

### અકસ્માતમાં પિતા-પુત્રનું મોત

# રાજકોટ શહેરમાં ટેન્કર અને બાઇક વચ્ચે થયો અકસ્માત

## શૈલેષ પરમાર અને અજય પરમાર નામના પિતા પુત્રનું ઘટના સ્થળ પર જ મૃત્યુ નીપજ્યું હોવાનો બનાવ સામે આવ્યો છે





। (એજન્સી) રાજકોટ, તા.૨૯ ।

શહેરના સામા કાંઠા વિસ્તારમાં આવેલા સંત કબીર રોડ પર રામાપીરના મંદિર પાસે ટેક્રર અને બાઈક વચ્ચે ગમખ્વાર અકસ્માત સર્જાયો હોવાની ઘટના સામે આવી છે. અકસ્માતમાં બાઈક સવાર પિતા પુત્રના મૃત્યુ ઘટના સ્થળ પર જ નીપજ્યા છે. શૈલેષ પરમાર અને અજય પરમાર નામના પિતા પુત્રનું ઘટના સ્થળ પર જ મૃત્યુ નીપજ્યું હોવાનો બનાવ સામે આવ્યો છે. આ અંગે મળતી માહિતી પ્રમાણે, સંત કબીર રોડ પર રામાપીરના મંદિર પાસે ટેક્રર અને બાઈક વચ્ચે અકસ્માત સર્જાતા બાઈક સવાર પિતા પુત્રના સ્થળ પર જ મૃત્યુ નીપજયાની જાણ બી ડિવિઝન પોલીસને થઈ હતી. જેથી તાત્કાલિક અસરથી રાજકોટ શહેરના બી ડિવિઝન પોલીસ નો કાફલો તેમજ ટ્રાફિક એસીપી જે. બી. ગઢવી પણ ઘટના સ્થળે દોડી ગયા હતા. સ્થાનિક પોલીસ દ્વારા જરૂરી પંચનામાની કાર્યવાહી પૂર્ણ કર્યા બાદ મૃતક પિતા પુત્રોની લાશને પીએમ અર્થે શહેરની સિવિલ હોસ્પિટલ ખાતે આવેલા પોસ્ટ મોર્ટમ રૂમ ખાતે ખસેડવામાં આવી હતી. પોલીસ દ્વારા બનાવની જાણ મૃતક પિતા પુત્રના પરિવારજનોને કરતા તેઓ પણ તાત્કાલિક અસરથી હોસ્પિટલ ખાતે પહોંચ્યા છે. સ્થાનિકોના જણાવ્યા પ્રમાણે સવારે ૮:૩૦ વાગ્યા આસપાસ બાઈક સવાર પિતા પુત્ર રોડ પર જઈ રહ્યા હતા. જે દરમિયાન ટેક્રર ચાલક બાજુમાંથી નીકળતા બાઈક ચાલક દ્વારા પોતાનું બેલેન્સ ગુમાવી દેતા ટેક્રરના પાછલા ટાયરમાં આવી જતાં બંને પિતા પુત્રનું સ્થળ પર જ મૃત્યુ નીપજ્યું હતું. તેમજ સમગ્ર ઘટના સીસીટીવીમાં પણ કેદ થઈ હોવાનું સામે આવી રહ્યું છે. જેથી પોલીસ દ્વારા સીસીટીવી ફૂટેજ પણ મેળવવાની કામગીરી કરવામાં આવી રહી છે. ઘટના સંદર્ભે પોલીસ દ્વારા મૃતકના પરિવારજનોના નિવેદન નોંધી ફરિયાદ નોંધવાની કામગીરી પણ આરંભવામાં આવી છે. ત્યારે ટેક્રર ચાલક વિરુદ્ધ બી ડિવિઝન પોલીસ સ્ટેશન ખાતે કઈ કલમ અંતર્ગત ગુનો નોંધવામાં આવે છે તેમજ કેટલા સમયમાં તેને ઝડપી પાડવામાં આવે છે તે જોવું અતિ મહત્વનું બની રહેશે.

### ૨૮૦૦ વર્ષના ઇતિહાસનો અનુભવ કરાવશે

# વડનગરમાં દુનિયાનું સૌથી મોટું બીજા નંબરનું મ્યુઝિયમ બનશે

। (એજન્સી) મહેસાણા, તા.૨૯ ।

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનું માદરે વતન વડનગર ઐતિહાસિક નગરી તરીકે આખી દુનિયામાં જાણીતું છે. ત્યારે હવે તેની યશકલગીમાં વધુ એક છોગું ઉમેરાવા જઈ રહયું છે. વાત વડનગરમાં આકાર લઈ રહેલા દુનિયાના સૌથી મોટા બીજા નંબરના મ્યુઝિયમની છે. આ એશિયાનું સૌપ્રથમ એક્સપિરિયન્સ મ્યુઝિયમ હશે. જેમાં આવીને પ્રવાસીઓ ૨૮૦૦ વર્ષ પહેલાં માનવી કેવું જીવન જીવતા હતા તેનો લાઈવ અનુભવ કરી શકશે.

આ મ્યુઝિયમની કામગીરી ટૂંક સમયમાં પૂરી કરવામાં આવશે. વડનગર શહેર સાત કાળનું સાક્ષી રહ્યું છે. એટલે આ મ્યુઝિયમમાં ખોદકામ દરિયાન મળી આવેલા પ્રાચીન અવશેષોને રાખવામાં આવશે.

ખોદકામ દરમિયાન મળેલા સાત કાળના જુદા-જુદા પૌરાણિક અવશેષોને અલગ-અલગ ફ્લોર પર રાખવામાં આવશે. વડનગર સહિત દેશને ૨૧ મીટર ઊંચા અને ૩૨૬ પિલર પર ઉભા થનારા એશિયાના પ્રથમ આર્કિયોલોજિકલ એક્સપિરિયન્સલ મ્યુઝિયમ ટૂંક સમયમાં તૈયાર થઈ જશે. અમરથોળ દરવાજા નજીક ૧૩૫૨૫ સ્કેવર ફૂટ એરિયામાં કરોડોના ખર્ચે બનનારા મ્યૂઝિયમમાં ૨૫૦ ટન લોખંડ વપરાશે. અહીં કારીગરો રાતદિવસ કામગીરી કરી રહ્યા છે. વડનગરના ૨૮૦૦ વર્ષથી અત્યાર સુધીના ઈતિહાસની ઝાંખી આ મ્યુઝિયમ કરાવશે. આ નગરીમાં એક યા બીજાનો વસવાટ રહ્યો છે, ક્યારેય ધ્વંસ થયો નથી એટલે પ્રાચીનકાળથી અત્યાર સુધીની જીવનઝાંખીને આવરી લેવાશે. આ ઉપરાંત વડનગરમાંથી નીકળેલા પ્રાચીન અવશેષો અહીં સંગ્રહિત કરાશે. જ્યાં પર્યટકો નિહાળી શકશે.

# ૨૦૨૩માં અમદાવાદ એરપોર્ટ પર ૧૧.૬૫ કરોડ મુસાફરો નોંધાયા

। (એજન્સી) અમદાવાદ, તા.૨૯ ।

અમદાવાદના સરદાર વલ્લભભાઈ પટેલ ઈન્ટરનેશનલ એરપોર્ટ ખાતે વર્ષ ૨૦૨૩માં કુલ ૧૧.૬૫ કરોડ મુસાફરો નોંધાયા છે. આ સ્થિતિએ અમદાવાદ એરપોર્ટમાં દરરોજ સરેરાશ ૩૨ હજાર મુસાફરોએ અમદાવાદ એરપોર્ટથી અવર-જવર કરેલી છે. અમદાવાદ એરપોર્ટ ખાતે ૨૦૧૪માં કુલ ૪૮.૦૯ લાખ મુસાફરોની અવર-જવર નોંધાઈ હતી. આમ, ૧૦ વર્ષમાં અમદાવાદ એરપોર્ટથી હવાઈ મુસાફરોમાં ૨૫ ગણો જેટલો વધારો થયો છે. ૧૦ વર્ષમાં ડોમેસ્ટિક મુસાફરોના પ્રમાણમાં ૧૭૦ ટકા જ્યારે ઈન્ટરનેશનલ મુસાફરોમાં ૬૦ ટકા જેટલો વધારો નોંધાયો. અમદાવાદ એરપોર્ટમાં વર્ષ ૨૦૨૩માં જાન્યુઆરી, માર્ચ, મે અને નવેમ્બર મહિના દરમિયાન મુસાફરોની અવર-જવર ૧૦ લાખને પાર થઈ હતી. ડિસેમ્બરની વાત કરવામાં આવે તો ૧.૯૩ લાખ ઈન્ટરનેશનલ અને ૭.૯૮ લાખ ડોમેસ્ટિક એમ કુલ ૯.૯૧ લાખ મુસાફરો નોંધાયા હતા. ડિસેમ્બરમાં ૧૧૫૫ ઈન્ટરનેશનલ અને ૬૩૪૦ ડોમેસ્ટિક ફ્લાઈટની અવર-જવર નોંધાઈ હતી. આમ, પ્રત્યેક ઈન્ટરનેશનલ ફ્લાઈટમાં સરેરાશ ૧૬૭ અને ડોમેસ્ટિક ફ્લાઈટમાં સરેરાશ ૧૨૬ મુસાફરો નોંધાયા હતા. વર્ષ ૨૦૨૩માં કુલ ૧૮.૭૩ લાખ ઈન્ટરનેશનલ જ્યારે ૯૭.૮૫ લાખ ડોમેસ્ટિક મુસાફરોની અવર-જવર હતી.

### તોડકાંડ મામલે શિક્ષણમંત્રી પ્રફુલ પાનસેરિયાનું મોટું નિવેદન । શાળા સંચાલકોને બ્લેકમેઇલ કરી તોડ કરનાર સામે કાર્યવાહી કરાશે

# RTI એક્ટિવિસ્ટ મહેન્દ્ર પટેલ દ્વારા કરોડોની તોડકાંડના કેસ અંગે એક્શન

। (એજન્સી) ગાંધીનગર, તા.૨૯ ।

આટરીઆઈ એક્ટિવિસ્ટ મહેન્દ્ર પટેલ દ્વારા કરોડોનાં તોડકાંડ કેસને લઈ શિક્ષણમંત્રી પ્રફુલ પાનસેરિયાનું મહત્વનું નિવેદન સામે આવ્યું છે. જેમાં વડોદરામાં રાજ્ય શિક્ષણમંત્રી પ્રફુલ પાનસેરિયાનું તોડકાંડ મામલે કહ્યું હતું કે, શાળા સંચાલકોને બ્લેકમેઈલ કરી તોડ કરનાર સામે કાર્યવાહી કરાશે. તેમજ કોઈ વ્યક્તિ બ્લેકમેઈલ કરે તો શિક્ષણ વિભાગના અધિકારીઓને ફરિયાદ કરો. તેમજ આવા લોકો સામે શિક્ષણ વિભાગ દ્વારા કડક કાર્યવાહી કરવામાં આવશે. શાળા સંચાલકોને બ્લેકમેઈલ કરવાની પ્રવૃતિઓ નહી ચલાવી લેવાય. રાઈટ ટુ ઈન્ફોર્મેશન, જેનાથી સામાન્ય નાગરિક સરકારના કોઈ પણ વિભાગ પાસેથી સામાન્ય ફોર્મ ભરીને માહિતી મેળવી શકે છે. RTI એક્ટિવિસ્ટ મહેન્દ્ર પટેલ. જેમના વિરુદ્ધ ગાંધીનગરમાં શાળા સંચાલકોએ બ્લેકમેઈલ કર્યાની ફરિયાદ નોંધાઈ હતી. ફરિયાદના આધારે CID ક્રાઈમે મહેન્દ્ર પટેલના ઘરે દરોડા પાડ્યા હતા. મહેન્દ્ર પટેલે ૧૮ શાળાના સંચાલકોને ધમકાવીને કરોડો રૂપિયા ખંખેર્યાનો ખુલાસો થયો છે.

CID ક્રાઈમે દરોડા પાડીને ૧ કરોડથી વધુની રોકડ સહિત સોનાના દાગીના અને ૪૦૦ કરતા વધુ ફાઈલો મળી હતી. જે તમામ મુદ્દામાલને જપ્ત કરવામાં આવ્યો. પ્રાથમિક તપાસમાં સામે આવ્યું કે મહેન્દ્ર પટેલને વર્ષ ૧૯૯૫માં શાળાઓમાં બાળફિલ્મો બતાવવાનો કોન્ટ્રાક્ટ મળ્યો હતો.

જે બાદ તેના શિક્ષણખાતામાં સંપર્કો વધતા તેનોદૂરપયોગશરૂકર્યોહતો.જોકે,આરોપીમહેન્દ્ર પટેલની ધરપકડ કરીને CID ક્રાઈમે રિમાન્ડ માટે કોર્ટ સમક્ષ હાજર કર્યો. જેમાં ૨ તારીખ સાંજે ૫ વાગ્યા સુધીના રિમાન્ડ મંજૂર કરાયા છે.ગાંધીનગરમાંથી RTI એક્ટિવિસ્ટ મહેન્દ્ર પટેલ સામે ફરિયાદને લઈ જય અંબે વિદ્યાભવનના ટ્રસ્ટી પ્રવિણ ગજેરાએ પ્રતિક્રિયા આપી હતી. માહિતી આપતા કહ્યું કે, ૨૦૧૨થી ૨૦૧૭ સુધી અનેક શાળાઓને મહેન્દ્ર પટેલે નિશાન બનાવી. સાથે જ કહ્યું કે, થોડા થોડા કરીને મારી પાસેથી પણ ૬૬ લાખ રૂપિયા લીધા.

જો કે, શિક્ષણમંત્રી પ્રફુલ પાનસેરિયાને રજૂઆત કરવામાં આવી. જેના લીધે મદદ મળી. મહેન્દ્ર પટેલના ષડયંત્રોનો ખુલાસો કરતા પ્રવિણ ગજેરાએ કહ્યું કે, મહેન્દ્ર નવી શાળાની મંજૂરી લઈ આપવાની સંચાલકોને ઓફર કરતો હતો. ત્યાર બાદ તમામ દસ્તાવેજો લઈ કોઈને કોઈ બહાને કામ અટકાવી પૈસા માગતો હતો. રાજ્યમાં સંખ્યાબંધ શાળાના સંચાલકો આ છેતરપિંડીમાં સપડાયા છે.

**વિશેષ**

### કચ્છમાં કોરી ક્રીક અને પડાલા ક્રીકની સીવીડ કલ્ટિવેશન માટે પસંદગી કરવામાં આવી

# કચ્છના કોટેશ્વર ખાતે 'નેશનલ કોન્ફરન્સ ઓન પ્રમોશન ઓફ સીવીડ કલ્ટિવેશન'નો પ્રારંભ કરાવતા કેન્દ્રિય મત્સ્યપાલન મંત્રી પુરષોત્તમભાઈ રૂપાલા

કેન્દ્રીય મત્સ્યપાલન, પશુપાલન મંત્રીશ્રી પુરષોત્તમભાઈ રૂપાલાએ કચ્છના કોટેશ્વર ખાતે મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહીને 'નેશનલ કોન્ફરન્સ ઓન પ્રમોશન ઓફ સીવીડ કલ્ટિવેશન'નો પ્રારંભ કરાવ્યો હતો. કેન્દ્રિય મત્સ્યપાલન મંત્રીશ્રી રૂપાલાએ માછીમારો સાથે સંવાદ કરીને સીવીડ ખેતીની દિશામાં આગળ વધવા પ્રોત્સાહન પુરૂં પાડ્યું હતું. સીવીડ ખેતીના ક્ષેત્રને મજબૂત અને વિકસિત કરવાના હેતુથી મત્સ્યોદ્યોગ વિભાગ આ નેશનલ કોન્ફરન્સનું આયોજન કરવામાં આવ્યું હતું. આગામી સમયમાં નાના ખેડૂતો સીવીડની ખેતી કરીને સંબંધિત ઉદ્યોગ સાથે તેનું વેચાણ કરે તે દિશામાં આ કોન્ફરન્સ મહત્વનો બની રહેશે. આ પ્રસંગે કેન્દ્રીય મંત્રીશ્રી પુરષોત્તમભાઈ રૂપાલાએ ફિશરીઝ વિભાગની કામગીરી બિરદાવીને કહ્યું કે, સિવીડ એ ભવિષ્યની જરૂરિયાત છે. સીવીડ પ્રોસેસિંગ કચ્છમાં થાય તે દિશામાં કામગીરી કરવામાં આવશે તેમ વિશ્વાસ કેન્દ્રિય મંત્રીશ્રીએ વ્યક્ત કર્યો હતો. વડાપ્રધાનશ્રીના



વિઝનના લીધે કચ્છના કાંઠાના વિસ્તારોમાં સીવીડ કલ્ટિવેશન થકી રોજગારીનો નવીન વિકલ્પ ઊભો થશે. કોરી ક્રીક વિસ્તાર દરિયાઈ શેવાળની ખેતીના પ્રયાસોને કેન્દ્રિયમંત્રીશ્રીએ બિરદાવ્યા હતા. ગુજરાત સૌથી લાંબો દરિયાકિનારો ધરાવતું હોય સીવીડ ખેતીમાં અગ્ર હરોળમાં ઊભરી આવશે એવો આશાવાદ કેન્દ્રિય મંત્રીશ્રીએ વ્યક્ત કર્યો હતો. વધુમાં કેન્દ્રિય મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, સીવીડ ખેતીથી પર્યાવરણને ફાયદો થશે. આ સીવીડ ખેતીમાં પ્રધાનમંત્રી મત્સ્ય સંપદા યોજના મહત્વની બની રહેશે. ખાસ કરીને સ્ટાર્ટઅપ આગળ આવે અને મહિલા સ્વયં સહાય જૂથ ભાગીદારી નોંધાવી એવી મંત્રીશ્રીએ અપીલ કરી હતી. કોરી ક્રીક ખાતે સી-વીડની ખેતીનું ઓન-ફિલ્ડ નિરીક્ષણ કેન્દ્રિય મંત્રીશ્રી પુરષોત્તમભાઈ રૂપાલાએ કર્યું હતું. કચ્છ મોરબી સાંસદશ્રી વિનોદભાઈ ચાવડાએ દરિયાઈ શેવાળની ખેતીથી કચ્છમાં રોજગારીની મોટી તકો ઊભી થશે. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ છેવાડાના રોજગારી મળે એ બાબતને હંમેશા પ્રાધાન્ય આપ્યું છે. વડાપ્રધાનશ્રીની વિઝનથી કચ્છ દરિયાઈ શેવાળની ખેતીમાં અનેક લક્ષ્યાંકો હાંસલ કરશે એવો વિશ્વાસ સાંસદશ્રીએ વ્યક્ત કર્યો હતો. આગામી દિવસોમાં દરિયાઈ શેવાળની ખેતીમાં કોરી ક્રીક પ્રવાસનનું હબ બનશે તેમ સાંસદશ્રીએ ઉમેર્યું હતું. અબડાસા ધારાસભ્યશ્રી પ્રદ્યુમ્નસિંહ જાડેજાએ જણાવ્યું હતું કે, સીવીડની ખેતી માછીમારોને આર્થિક રીતે સદ્ધર બનાવવામાં મહત્વની ભૂમિકા ભજવશે. કચ્છના ખેડૂતો અને માછીમારો આ નવીન પ્રકલ્પ સાથે જોડાય તેમ અનુરોધ શ્રી જાડેજાએ કર્યો હતો. ભારત સરકારના ફિશરીઝ ડીપાર્ટમેન્ટના સચિવશ્રી અભિલક્ષ લીખીએ જણાવ્યું હતું કે, આ કોન્ફરન્સ નાગરિકો સુધી સરળ ભાષામાં સીવીડને ખેતીને પહોંચાડવામાં પ્રબળ માધ્યમ બનશે. સીવીડ ખેતી માછીમારીની આવકમાં વધારો થશે. આ કોન્ફરન્સમાં આઈસીએઆર-સેન્ટ્રલ મરીન ફિશરીઝ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ (સીએમએફઆરઆઈ) અને સીએસઆઈઆર-સેન્ટ્રલ સોલ્ટ મરીન કેમિકલ્સ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ (સીએસએમસીઆરઆઈ)ના વૈજ્ઞાનિકો, લક્ષદ્વીપની સી-વીડ કંપનીનાં ઉદ્યોગસાહસિકો સહિત સ્ટાર્ટઅપ જોડાયા હતા. સીવીડ ક્ષેત્રના ઉદ્યોગસાહસિકો અને સંશોધન સંસ્થાઓ દ્વારા એક પ્રદર્શનનું પણ આયોજન કરવામાં આવ્યું છે. ઉપરાંત, સીવીડ ખેતી પોલીસી મેકર્સ, કેન્દ્ર અને રાજ્યનાં મત્સ્યપાલન અધિકારીશ્રીઓ, સંશોધકો, સીવીડ ખેડૂતો, સ્થાનિક ગ્રામ પંચાયતોનાં પ્રતિનિધિઓએ ઉત્સાહભેર કોન્ફરન્સમાં ભાગ લીધો હતો. ઉલ્લેખનીય છે કે, સીવીડ એ એક દરિયાઈ-શેવાળ છે જે પરંપરાગત રીતે ખોરાક અને દવાઓના વપરાશ માટે વિશ્વભરમાં ઉગાડવામાં આવે છે. તે કાર્બનને શોષીને દરિયાઈ જૈવ વિવિધતાને ટકાવી રાખવાની ક્ષમતા ધરાવે છે.

### એડનની ખાડીમાંજહાજ પર અચાનક આગ ફાટી નીકળી હતી

# એમવી માર્લિન લુઆન્ડા માટે INS વિશાખાપટ્ટનમ દેવદૂત બન્યું

**। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૯ ।**

એડનની ખાડીમાં ૨૭ જાન્યુઆરીએ એમવી માર્લિન લુઆન્ડા નામના જહાજ પર અચાનક આગ ફાટી નીકળી હતી અને જહાજના ક્રુ મેમ્બર્સ તમામ આશા છોડી ચુકયા હતા ત્યારે આ વિસ્તારમાં તૈનાત ભારતીય નૌસેનાના જહાજે અત્યંત ઝડપથી પહોંચીને આ જહાજની આગ બૂઝાવી હતી. એમવી માર્લિન લુઆન્ડાના કેપ્ટને કહ્યુ હતુ કે, મેં તો આ જહાજ બચશે તેવી આશા છોડી દીધી હતી પણ ભારતીય નૌસેના અમારા માટે દેવદૂત બનીને આવી હતી. કેપ્ટને ભારતીય નૌસેનાનો આભાર માન્યો હતો. ઉલ્લેખનીય છે કે, એમવી માર્લિન લુઆન્ડા પર મિસાઈલ હુમલો થયો હતો અને તેના કારણે જહાજના એક હિસ્સામાં આગ ફાટી નીકળી હતી. દરમિયાન ભારતીય નૌસેનાના પ્રવક્તાએ કહ્યુ હતુ કે, નૌસેનાના ફાયર બ્રિગેડના ૧૦ કર્મચારીઓી એક ટીમે ૬ કલાકની જહેમત બાદ આગ પર કાબૂ મેળવ્યો હતો. એમવી માર્લિન લુઆન્ડા એક તેલ ટેક્કર છે. તેના પર થયેલા મિસાઈલ હુમલા બાદ જહાજના કેપ્ટને મદદ માટેનો સંદેશો પ્રસારીત કર્યો હતો. તે વખતે એડનની ખાડીમાં પેટ્રોલિંગ કરી રહેલા ભારતીય નૌસેનાના જહાજ આઈએનએસ વિશાખાપટ્ટનમ દ્વારા તેનો જવાબ આપવામાં આવ્યો હતો. ભારતીય નૌસેનાનુ આ શક્તિશાળી જહાજ પૂરઝડપે ભડકે બળી રહેલા એમવી માર્લિન લુઆન્ડા પાસે પહોંચ્યુ હતુ અને તરત જ આગ બૂઝાવવાની કામગીરી શરુ કરી હતી. આ જહાજ પર ૨૨ ભારતીય અને એક બાંગ્લાદેશી નાગરિક ક્રુ મે્મબર તરીકે તૈનાત હતા. ભારતીય નૌસેના દ્વારા આ સમગ્ર બચાવ કામગીરીનો એક વિડિયો પણ શેર કરવામાં આવ્યો છે. માલવાહક જહાજ એમવી માર્લિન લુઆન્ડાના કેપ્ટન અભિલાષ રાવતે કહ્યુ હતુ કે, હું ભારતીય નૌસેનાનો આભાર માનુ છું. અમે તો આગ સામે લડવાના તમામ હથિયાર હેઠા મુકી દીધા હતા. જોકે ઈન્ડિયન નેવીને મારી સેલ્યુટ છે. તેની ફાયર ફાઈટિંગ ટીમ આગ સામે લડવા માટે તરત જહાજ પર આવી ગયા હતા. ભારતીય નૌસેનાના પ્રવકતાનુ કહેવુ છે કે, અમે કોઈ પણ સ્થિતિને પહોંચી વળવા માટે સક્ષમ છે.



નવી દિલ્હીમાં ભારત ટેલિકોમ ૨૦૨૪ના ઉદ્ઘાટન દરમિયાન સંચાર મંત્રાલયના સચિવ ડો. નીરજ મિત્તલ એક પ્રદર્શનની મુલાકાત કરતા નજરે પડે છે.

### ગરીબ લોકોને ખાવાના ફાંફા સામે નેતાઓનો વિલાસ

# પાકિસ્તાનના પૂર્વ વડાપ્રધાન શરીફની રેલીમાં લાખ રૂપિયાની ટોપીથી વિવાદ

**શરીફની આ ટોપી ગૂચી કંપનીની, તેની કિંમત એક લાખ રૂપિયા હોવાનો દાવો સોશિયલ મીડિયા પર કરાયો છે**

**। (એજન્સી) ઈસ્લામાબાદ, તા.૨૯ ।**

પાકિસ્તાનમાં એક તરફ ગરીબ લોકોને ખાવાના ફાંફા છે. ઈકોનોમીની નૈયા ડૂબી રહી છે અને બીજી તરફ પાકિસ્તાનનો શાસક વર્ગ જલસા કરી રહ્યો છે અને રાજાશાહી ઠાઠથી જીવી રહ્યો છે. પાકિસ્તાનમાં ચાલી રહેલા ચૂંટણી પ્રચારમાં પૂર્વ વડાપ્રધાન નવાઝ શરીફ પોતાની પાર્ટી પાકિસ્તાન મુસ્લિમ લીગ-નવાઝની એક રેલીમાં પહોંચ્યા હતા. આ રેલીની તસવીરોએ પાકિસ્તાનના સોશિયલ મીડિયા પર તોફાન મચાવ્યુ છે. તેનુ કારણ નવાઝ શરીફે પહેરેલી ટોપી છે. શરીફની આ ટોપી ગૂચી કંપનીની હોવાનો અને તેની કિંમત એક લાખ રૂપિયા હોવાનો દાવો સોશિયલ મીડિયા પર કરવામાં આવી રહ્યો છે. ઉલ્લેખનીય છે કે, નવાઝ શરીફ આ વખતે સત્તા મેળવવા માટેના પ્રમુખ દાવેદારો પૈકી એક મનાઈ રહ્યા છે. પાકિસ્તાનના સોશિયલ મીડિયા યુઝર્સ હવે તેમને અને તેમની પાર્ટીને સવાલ પૂછી રહ્યા છે કે, જ્યારે પાકિસ્તાનની ઈકોનોમી ખાડે ગઈ છે. અને પ્રજાનો એક મોટો વર્ગ બે વખતના ભોજન માટે પણ સંઘર્ષ કરી રહ્યો છે ત્યારે આ પ્રકારે એક લાખ રૂપિયાની ટોપી પહેરવી નવાઝ શરીફને શોભા આપે છે? કેટલાક યુઝર્સે તો તસવીરો શેર કરીને એવુ પણ દર્શાવ્યુ છે કે, આકરા શિયાળામાં ઘણા લોકો પાસે તો ગરમ કપડા પણ નથી અને શરીફ એક લાખની ટોપી પહેરીને ચૂંટણી પ્રચાર કરી રહ્યા છે. કેટલાકે વળી નવાઝની ટોપીની ડિઝાઈનને લઈને ટોણો મારતા કહ્યુ છે કે, તેમની ટોપી અને પૂર્વ પીએમ ઈમરાન ખાનની પાર્ટી પીટીઆઈના ધ્વજમાં સમાનતા છે.

### નીતીશ કુમારે એનડીએ ગઠબંધનમાં સરકાર બનાવી

# નીતીશ પલટુરામ, પરંતુ હવે તે શ્રી રામના ચરણોમાં સમર્પિત



**। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૯ ।**

બિહારમાં મહાગઠબંધનની સરકાર બન્યા બાદ ત્રણ વર્ષમાં સત્તા પરિવર્તન થયું છે. નીતીશ કુમારે એનડીએ ગઠબંધન સાથે બિહારમાં સરકાર બનાવી છે. ત્યારે જેડીયુ પ્રમુખના એનડીએમાં જોડાવા પર જગદગુરુ રામભદ્રાચાર્યની પ્રતિક્રિયા સામે આવી છે. નીતીશ કુમારને લઈને જગદગુરુ રામભદ્રાચાર્યએ કહ્યું કે,'જે પણ થઈ રહ્યું છે તે સારું થઈ રહ્યું છે. રાજકારણમાં આવું થતું રહે છે. નીતીશ કુમારને ત્યાં સન્માન મળી રહ્યું ન હતું. જ્યારે રાવણનો ભાઈ વિભીષણ રામ પાસે આવી શકે છે, તો નીતીશ કુમારના એનડીએમાં જોડાવા પર શું ફરક પડશે. નીતીશ ચોક્કસ પલટુરામ છે, પરંતુ આ વખતે તે શ્રી રામના ચરણોમાં સમર્પણ થઈ ગયો છે.' ગઈકાલે રાજભવન ખાતે રાજ્યપાલ રાજેન્દ્ર વિશ્વનાથ અર્લેકરે નીતીશ કુમારને મુખ્યમંત્રી પદના શપથ લેવડાવ્યા હતા. ભાજપના વિજય કુમાર સિન્હા અને સમ્રાટ ચૌધરીએ નાયબ મુખ્યમંત્રી પદના શપથ લીધા હતા. અન્ય આઠ નેતાઓએ મંત્રી પદના શપથ લીધા હતા. જેમાં જેડીયૂના ત્રણ વિજય ચૌધરી, બિજેન્દ્ર પ્રસાદ અને પ્રેમ કુમારે શપથ લીધા હતા. તો હિન્દુસ્તાની આવામ મોર્ચાના સંતોષ કુમાર સુમન(સંતોષ માંઝી) અને અપક્ષ ધારાસભ્ય સુમિત કુમાર સિંહે મંત્રી પદના શપથ લીધા હતા. મુખ્યમંત્રી પદ પરથી રાજીનામું આપવા અંગે નીતીશ કુમારે કહ્યું કે,'આ સ્થિતિ એટલા માટે આવી કારણ કે બધુ બરાબર ચાલી રહ્યું ન હતું. હું દરેકનો અભિપ્રાય લેતો હતો.

## શબરી રસોઈમાં બે ચા, બે ટોસ્ટનું બીલ ૨૪૦ રૂપિયા

**। (એજન્સી) અયોધ્યા, તા.૨૯ ।**

અયોધ્યામાં રામમંદિરની પ્રાણ પ્રતિષ્ઠા થઇ ચૂકી છે. તેની સાથે જ રામના નામે લૂંટનો કિસ્સો સામે આવ્યો છે. અહીં એક મલ્ટીલેવલ પાર્કિંગ તૈયાર કરાયું હતું જેના ટોપ ફ્લોર પર એક રેસ્ટોરાં આવેલી છે. જેનું નામ 'શબરી રસોઈ' છે. જોકે આ રેસ્ટોરાંમાં મળતી ચા-નાસ્તો કે જમવાની વસ્તુઓનો ભાવ જાણી તમારી પણ આંખો પહોળી થઇ જશે. માહિતી અનુસાર સોશિયલ મીડિયા પર એક બિલ વાયરલ થઇ રહ્યું છે જેમાં અહીંની ચાની કિંમત ૫૫ રૂપિયા અને ટોસ્ટની કિંમત ૬૫ રૂપિયા જણાવાઈ છે. આ મામલો અયોધ્યાના તંત્રને ધ્યાને આવતા જ રેસ્ટોરાં માલિકને નોટિસ ફટકારી જવાબ માગવામાં આવ્યો હતો. તાજેતરના મામલામાં મલ્ટીલેવલ પાર્કિંગમાં સંચાલિત આ શબરી રસોઈ નામની રેસ્ટોરાંનું એક બિલ વાયરલ થયું હતું જેમાં ૨ ચા અને ૨ ટોસ્ટની કિંમત ૨૪૦ રૂ. વસૂલવામાં આવી હતી. તેના પર અયોધ્યા ડેવલપમેન્ટ ઓથોરિટી (એડીએ)ના ઉપાધ્યક્ષ વિશાલ સિંહે અરુંધતિ ભવનમાં ચાલતી રેસ્ટોરાંના સંચાલકને નોટિસ ફટકારી હતી.

### કેન્દ્રીય મંત્રી શાંતનુ ઠાકુરનો દાવો

# દેશભરમાં આગામી સપ્તાહથી લાગુ થઈ જશે સિટિઝનશિપ અમેડમેન્ટ એક્ટ

**તેમણે કહ્યું કે હું મંચ પરથી ખાતરી આપું છું કે આગામી ૭ દિવસમાં CAA માત્ર બંગાળમાં જ નહીં પરંતુ સમગ્ર દેશમાં લાગુ થઈ જશે**

**। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૯ ।**

નાગરિક સુધારા કાયદા અંગે કેન્દ્રીય મંત્રી શાંતનુ ઠાકુરે જણાવ્યું કે આ કાયદો આખા દેશમાં ક્યારે લાગુ થશે. કેન્દ્રીય મંત્રીએ દાવો કર્યો છે કે આગામી એક સપ્તાહમાં દેશમાં નાગરિક સુધારો કાયદો લાગુ કરવામાં આવશે. તેમણે કહ્યું કે હું મંચ પરથી ખાતરી આપું છું કે આગામી ૭ દિવસમાં CAA માત્ર બંગાળમાં જ નહીં પરંતુ સમગ્ર દેશમાં લાગુ થઈ જશે. શાંતનુ ઠાકુર દક્ષિણ ૨૪ પરગણાના કાકદ્વીપ માં એક જાહેર સભામાં ભાષણ આપી રહ્યા હતા. ઝછછછ કાયદાનો ઉદ્દેશ્ય પાકિસ્તાન, બાંગ્લાદેશ અને અફઘાનિસ્તાન સહિત ત્રણ પડોશી દેશોના છ સમુદાયોને ઝડપી નાગરિકતા આપવાનો છે. CAA કાયદો મંજૂર કરવામાં આવ્યો છે પરંતુ તેના અમલ માટેના નિયમો હજુ સુધી સૂચિત કરવામાં આવ્યા નથી અને બીજેપી નેતા શાંતનુ ઠાકુરના જણાવ્યા મુજબ, આ આગામી સપ્તાહમાં થઈ શકે છે.



બંગાળના બાણગાંવથી ભાજપના લોકસભા સાંસદ શાંતનુ ઠાકુરે તેમના CAA નિવેદનમાં કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહના વિચારોને પુનરાવર્તિત કર્યા છે. ગયા વર્ષે ડિસેમ્બરમાં અમિત શાહે કહ્યું હતું કે ભાજપની આગેવાની હેઠળની કેન્દ્ર સરકાર CAA લાગુ કરશે અને તેને કોઈ રોકી શકશે નહીં. તેમની ટિપ્પણી તૃણમૂલ કોંગ્રેસના સુપ્રીમો અને પશ્ચિમ બંગાળના મુખ્ય પ્રધાન મમતા બેનર્જી પર નિશાન બનાવવામાં આવી હતી, જેઓ CAAનો વિરોધ કરી રહ્યાં છે. કોલકાતાના પ્રતિષ્ઠિત એસ્પ્લેનેડ ખાતે એક વિશાળ રેલીમાં તેમના ભાષણ દરમિયાન, અમિત શાહે ઘૂસણખોરી, ભ્રષ્ટાચાર, રાજકીય હિંસા અને તુષ્ટિકરણના મુદ્દાઓ પર મમતા બેનર્જી પર આકરા પ્રહારો કર્યા હતા અને લોકોને બંગાળમાંથી તેમની સરકાર હટાવવા અને ૨૦૨૬ની વિધાનસભા ચૂંટણી લડવા કહ્યું હતું. ભાજપને પસંદ કરવા વિનંતી કરી હતી.

તેમણે ઈચ્છિત લાભાર્થીઓ વિશે પણ સ્પષ્ટતા કરી અને કહ્યું કે તેમને પણ અન્ય કોઈની જેમ નાગરિકતાનો અધિકાર છે. સંસદના બંને ગૃહોમાં પસાર થયા પછી અને ૨૦૧૯ માં રાષ્ટ્રપતિની સંમતિ પ્રાપ્ત કર્યા પછી તરત જ, ઝછછછ સમગ્ર ભારતમાં મોટા વિરોધમાં અને તેની સામે વિપક્ષના મજબૂત વલણમાં મોખરે છે. તે મૂંઝવણની સ્થિતિમાં છે કારણ કે કેન્દ્રએ હજી સુધી CAA માટે નિયમો બનાવ્યા નથી અને કાયદાનો અમલ કર્યો નથી.

**નીતિશના એનડીએઓમાં જોડાયા બાદ વિપક્ષોની પસ્તાળ**

# નીતીશ કુમાર આયા કુમાર, ગયા કુમાર છે : જયરામ રમેશ

**। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૯ ।**

બિહારના નવા મુખ્યમંત્રી તરીકે નીતીશ કુમારે શપથ ગ્રહણ કર્યા બાદથી જ વિપક્ષના તમામ નેતાઓ તેમના પર સતત નિશાન સાધી રહ્યા છે. વિપક્ષના ઈન્ડિયાગઠબંધનનો હિસ્સો રહેલા નીતીશ કુમારની એનડીએમાં વાપસીએ બધાને ચોંકાવી દીધા છે.

આ દરમિયાન કોંગ્રેસ નેતા જયરામ રમેશે બિહારના મુખ્યમંત્રી નીતીશ કુમાર પર કટાક્ષ કર્યો છે. જયરામ રમેશે એક્સપર એક પોસ્ટ કરી છે કે, 'શપથ ગ્રહણ બાદ નીતીશ કુમાર પોતાનું મફલર રાજભવનમાં ભૂલી ગયા હતા. અડધા રસ્તેથી પાછા ફરી તેઓ મફલર લેવા આવ્યા તો રાજ્યપાલ ચોંકી ગયા કે આ વખતે તો ૧૫ મિનિટ પણ નથી થઈ. નીતીશ કુમાર 'આયા રામ, ગયા રામ' નથી તે 'આયા કુમાર, ગયા કુમાર' છે.' આ દરમિયાન તેમણે વિપક્ષ પર ઈન્ડિયાગઠબંધન પર નીતીશ કુમારના જવાના પ્રભાવ પર પણ અભિપ્રાય આપ્યો હતો. તેમણે



કહ્યું કે, 'નીતીશ કુમારના જવાથી ભારતના ગઠબંધન પર કોઈ અસર નહીં પડશે. આ નીતીશ કુમારની ખાસિયતો છે. તેઓ 'આયા રામ, ગયા રામ' નથી, તેઓ 'આયા કુમાર, ગયા કુમાર' છે. આ બધું વડા પ્રધાન નરેન્દ્ર મોદીનું આયોજન છે.' જયરામ રમેશે રાહુલ ગાંધીના નેતૃત્વમાં થઈ રહેલી ભારત જોડો ન્યાય યાત્રાના બિહાર પહોંચવા અંગે પણ ટિપ્પણી કરી હતી. તેમણે કહ્યું કે, 'આજે તમે જોઈ રહ્યા છો કે બિહારના લોકો રાહુલ ગાંધી અને ભારત જોડો ન્યાય યાત્રાને જબરદસ્ત પ્રતિસાદ આપી રહ્યા છે.'

## હવાઈ એરપોર્ટ પર અમેરિકન એરલાઈન્સની ફ્લાઈટનું હાર્ડ લેન્ડિંગ

**। (એજન્સી) હવાઈ, તા.૨૯ ।**

અમેરિકામાં હવાઈના કાહુલુઈ એરપોર્ટ પર અમેરિકન એરલાઈન્સની ફ્લાઈટનું હાર્ડ લેન્ડિંગ કરાવાયું હતું. દરમિયાન એક મુસાફર અને પાંચ ફ્લાઈટ એટેન્ડન્ટ સહિત કુલ ૭ લોકો ઘાયલ થયા હતા. અમેરિકન એરલાઈન્સ ફ્લાઈટ નંબર ૨૭૧માં લોસ એન્જલસથી માયુ સુધીની ઉડાન વખતે સેવા સાથે ઓજીજીપર લેન્ડ કરતી વખતે આ સમસ્યા સર્જાઈ હતી. અમેરિકન એરલાઈન્સે એક નિવેદનમાં જણાવ્યું હતું કે લેન્ડિંગ દરમિયાન ઘાયલ થયેલા તમામ ૭ લોકોને હોસ્પિટલમાં દાખલ કરાયા છે. કંપનીના જણાવ્યા અનુસાર, પ્લેનમાં ૧૬૭ મુસાફરો સિવાય સાત ક્રૂ મેમ્બર સવાર હતા. કંપનીએ વધુમાં જણાવ્યું હતું કે હાર્ડ લેન્ડિંગને પગલે મેઈન્ટેનન્સ ટીમ દ્વારા વિમાનને નિરીક્ષણ માટે સેવામાંથી દૂર કરવામાં આવ્યું છે.

### બલૂચિસ્તાનમાં પાકિસ્તાનની સરકાર સામે વધતો રોષ

# બલૂચિસ્તાનના લોકો અલગ દેશની માગ કરે છે : પાક.ના વડાપ્રધાન

**પાક.માં પહેલી વખત મોટા ગજાના કોઈ નેતાએ બલૂચિસ્તાનના લોકો અલગ થવા માંગી રહ્યા છે તે વાતને સમર્થન આપ્યું**

**। (એજન્સી) ઈસ્લામાબાદ, તા.૨૯ ।**

પાકિસ્તાનની સરકાર સામે બલૂચિસ્તાન પ્રાંતના લોકોનો રોષ વધી રહ્યો છે. અહીંયા ઉકળતા ચરુ જેવી સ્થિતિ વચ્ચે પાકિસ્તાનના કાર્યકારી વડાપ્રધાન અનવર ઉલ હક કાકરે પણ સ્વીકાર્યુ છે કે, બલૂચિસ્તાનના લોકોને પાકિસ્તાન સરકારથી અસંતોષ જ નથી પણ સાથે સાથે તેઓ અલગ દેશની પણ માંગ કરી રહ્યા છે. પાકિસ્તાનમાં પહેલી વખત મોટા ગજાના કોઈ નેતાએ બલૂચિસ્તાનના લોકો અલગ થવા માંગી રહ્યા છે તે વાતને સમર્થન આપ્યુ છે. એક મીડિયા ઈન્ટરવ્યૂમાં કાકરે કહ્યુ હતુ કે, બલૂચિસ્તાનના લોકો ગાયબ થવાની જે પણ ફરિયાદો ઉઠી રહી છે તેના પર સરકાર ધ્યાન આપી રહી છે. પણ મુખ્ય મુદ્દો એ છે કે, બલૂચિસ્તાનના લોકો અલગ ઓળખ માંગી રહ્યા છે અને સમસ્યાનૂ મૂળ આ જ બાબત છે. કાકરની કબૂલાતે પાકિસ્તાનના રાજકીય ગલિયારાઓમાં ખળભળાટ મચાવ્યો છે. ઉલ્લેખનીય છે કે, બલૂચિસ્તાનમાં વિદ્રોહી જૂથો પાકિસ્તાન સરકાર સામે સશસ્ત્ર સંઘર્ષ કરી રહયા છે. ચીન અને પાકિસ્તાનના ઈકોનોમિક કોરિડોરના ભાગરુપે ચીની કંપનીઓ બલૂચિસ્તાનમાં કામ કરી રહી છે અને તે પણ સ્થાનિક લોકોને પસંદ નથી. બલૂચિસ્તાનના લોકોનુ માનવુ છે કે પાકિસ્તાની સરકાર અમારી ખનીજ સંપત્તિનો ઉપયોગ કરીને બદલામાં અમારુ જ શોષણ કરી રહી છે. બીજી તરફ પાકિસ્તાન સરકાર સામે અવાજ ઉઠાવનારા લોકો અચાનક જ ગાયબ થઈ રહ્યા હોવાથી પણ બલૂચિસ્તાનમાં લોકોમાં ગુસ્સો છે. જેના પગલે તાજેતરમાં મહિલાઓએ બલૂચિસ્તાનથી ઈસ્લામાબાદ સુધી એક રેલી પણ કાઢી હતી.

### પૂર્વ જોર્ડનમાં યુએસના સૈનિકોના મોત પર યુએસ ભડક્યું

# સૈનિકોના મોત માટે જવાબદારથી વીણી વીણીને બદલો લઈશું : બાયડેન

**સૈનિકોએ દેશની સેવા કરતાં કરતાં બલિદાન આપ્યું, અમે પણ આતંકવાદ વિરુદ્ધ લડતા રહીશું : યુએસ રાષ્ટ્રપતિ**

**। (એજન્સી) વોશિંગ્ટન, તા.૨૯ ।**

સીરિયાની સરહદ નજીક ઉત્તર પૂર્વ જોર્ડનમાં તહેનાત અમેરિકન સૈન્યને માનવરહિત ડ્રોન વડે નિશાન બનાવાયું હતું. આ હુમલામાં ૩ અમેરિકન સૈનિકો માર્યા ગયા હતા, જ્યારે ૩૪થી વધુ ઘવાયા હતા. રાષ્ટ્રપતિ બાયડેને આ હુમલા માટે ઈરાન સમર્થિત સમૂહોને દોષિત ઠેરવ્યાં છે. જેને લઈને તેમણે એક ચેતવણી પણ ઉચ્ચારી હતી.

વ્હાઈટ હાઉસ દ્વારા જારી કરાયેલા એક સત્તાવાર નિવેદનમાં રાષ્ટ્રપતિ બાયડેને કહ્યું છે કે હુમલા વિશે તપાસ કરવામાં આવી રહી છે. અમે જાણીએ છીએ કે સીરિયા અને ઈરાકમાં સક્રિય ઈરાન સમર્થિત કટ્ટરપંથી આતંકી સમૂહો દ્વારા જ આ હુમલાને અંજામ અપાયો છે. તેમ છતાં અમે આ હુમલામાં સામેલ એક એક લોકોથી હિસાબ



લઈશું અને તેમની સામે કડકમાં કડક કાર્યવાહી કરીશું. વીણી વીણીને બદલો લેવામાં આવશે. રાષ્ટ્રપતિ બાયડેને આ હુમલામાં માર્યા ગયેલા સૈનિકો પ્રત્યે શોક વ્યક્ત કરતાં કહ્યું કે, 'સૈનિકોએ દેશની સેવા કરતાં કરતાં બલિદાન આપ્યું. અમે પણ આતંકવાદ વિરુદ્ધ લડતા રહીશું. આ એવી લડાઈ છે જે ક્યારેય બંધ નહીં કરી.' અમેરિકી સંરક્ષણ મંત્રી લૉયડ ઓસ્ટિને પણ આ ચેતવણી પુનરાવર્તન કરતાં કહ્યું કે અમે આ મામલે બાયડેનને સંપૂર્ણ માહિતી આપી દીધી છે.

## તંત્રી લેખ...

# ઈરાનના વિદેશ પ્રધાન પાકિસ્તાન પહોંચ્યા

ઈરાન અને પાકિસ્તાન વચ્ચે ચાલી રહેલા તણાવ વચ્ચે બંને દેશો હવે એકબીજા સાથેના સંબંધો સુધારવાનો પ્રયાસ કરી રહ્યા છે. આ કારણોસર ઈરાનના વિદેશ મંત્રી હુસૈન અમીર અબ્દુલ્લાહિયા, આજે સોમવારે તેમના પાકિસ્તાની સમકક્ષ જલીલ અબ્બાસ જિલાનીના આમંત્રણ પર ઈસ્લામાબાદ પહોંચ્યા હતા. નૂરખાન એરબેઝ પર પહોંચતા ઈરાનના વિદેશ મંત્રીનું પાકિસ્તાનના વિદેશ સચિવ રહીમ હયાત કુરેશીએ સ્વાગત કર્યું હતું. પાકિસ્તાનની તેમની મુલાકાત દરમિયાન, ઈરાનના વિદેશ પ્રધાન હુસેન અમીર અબ્દુલ્લાહિયન તેમના સમકક્ષ જિલાની અને પાકિસ્તાનના કાર્યકારી વડા પ્રધાન અનવર ઉલ હક કક્કર સાથે બન્ને દેશ વચ્ચે પ્રવર્તતી વર્તમાન સ્થિતિ તેમજ વિવિધ મુદ્દાઓ અંગે વાત કરશે. સાથોસાથ બંને દેશો વચ્ચેના સંબંધોને પાછા પાટા પર લાવવાનો પ્રયાસ કરશે. પાકિસ્તાનના વિદેશ મંત્રાલયના પ્રવક્તા મુમતાઝ ઝહરા બલોચે તેમના સોશિયલ મીડિયા પર એક પોસ્ટ શેર કરીને આ માહિતી આપી હતી. પાકિસ્તાન અને ઈરાન વચ્ચે તાજેતરના સમયમાં તણાવ વધ્યો છે. ગત ૧૬ જાન્યુઆરીએ ઈરાને દક્ષિણ-પશ્ચિમ પાકિસ્તાન પર હુમલો કર્યો હતો. ઈરાને આતંકી સંગઠન જૈશ-અલ-અદલના ઠેકાણાઓ પર હવાઈ હુમલા કર્યા હતા. આ હુમલામાં પાકિસ્તાનની બે માસૂમ બાળકીઓના મોત થયા હતા, જ્યારે બે બાળકીઓ ગંભીર રીતે ઘાયલ થઈ હતી. આ હુમલાથી પાકિસ્તાન ગુસ્સે ભરાયું હતું જેના કારણે તેમણે ઈરાનથી પોતાના રાજદૂતને પરત બોલાવ્યા હતા. ઈરાનના આ હુમલા બાદ પાકિસ્તાને પણ બદલા રૂપે ૧૮ જાન્યુઆરીએ જવાબી કાર્યવાહી કરી હતી. પાકિસ્તાનની સેનાએ બલૂચિસ્તાન લિબરેશન આર્મી (BLA) અને બલૂચિસ્તાન લિબરેશન ફ્રન્ટની જગ્યાઓને નિશાન બનાવી હતી. પાકિસ્તાન તરફથી એક નિવેદન જાહેર કરીને આ હુમલાની જાણકારી આપવામાં આવી હતી. બન્ને દેશે એક બીજા પર કરેલા હુમલા બાદ બંને દેશો વચ્ચેના સંબંધોમાં કડવાશ વધુ વધી ગઈ હતી. જે બાદ પાકિસ્તાને નમ્રતા દર્શાવી અને ઈરાન સાથે મળીને તમામ મુદ્દાઓ પર ચર્ચા કરવાની ઈચ્છા વ્યક્ત કરી હતી. થોડા દિવસ પહેલા જ પાકિસ્તાનના વિદેશ મંત્રી જલીલ અબ્બાસ જિલાનીએ, ઈરાનના વિદેશ મંત્રી સાથે ફોન પર વાત કરી હતી.

### સુરેન્દ્રનગર જિલ્લામાં લીંબડી ખાતે
## કેબિનેટ મંત્રી ભાનુબેન બાબરીયાનાં અધ્યક્ષસ્થાને ૭૫મા પ્રજાસત્તાક પર્વની આન, બાન, શાન સાથે ભવ્ય ઉજવણી

**વાઇબ્રન્ટ સમિટની ૧૦મી કડી સમૃદ્ધ ભારતનું ભવિષ્ય સુનિશ્ચિત કરતો ગોલ્ડન ગેટ-વે બન્યો**



। (માહિતી બ્યુરો) સુરેન્દ્રનગર ।

ભારતનાં ૭૫મા પ્રજાસત્તાક પર્વની ઠેર-ઠેર ભારે હર્ષોલ્લાસ અને ઉમંગ સાથે ઉજવણી કરવામાં આવી રહી છે. જે શ્રેણીમાં સુરેન્દ્રનગર જિલ્લાનાં લીંબડી ખાતે સામાજિક ન્યાય અને અધિકારીતા, મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી ભાનુબેન બાબરીયાનાં અધ્યક્ષસ્થાને પ્રજાસત્તાક પર્વની જિલ્લા કક્ષાની ઉજવણી કરવામાં આવી હતી. મંત્રીશ્રી ભાનુબેન બાબરીયાએ લીંબડી હેલિપેડ ગ્રાઉન્ડ ખાતે ધ્વજવંદન કરી પરેડનું નિરીક્ષણ કર્યુ હતુ. જિલ્લા કલેકટરશ્રી કે.સી.સંપટ, જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી ડૉ. ગીરીશ પંડ્યા પણ સાથે જોડાયા હતા. આ નિમિત્તે લીંબડી તાલુકાની વિવિધ કોલેજ-સ્કુલના વિદ્યાર્થીઓ દ્વારા દેશભક્તિની સાંસ્કૃતિક કૃતિઓની જોશભરી પ્રસ્તુતિએ સમગ્ર વાતાવરણને દેશભક્તિની લાગણી અને ઉર્જાથી ભરી દીધું હતું. જિલ્લા ખેતીવાડી, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી, પી.જી.વી.સી.એલ, શિક્ષણ, આરોગ્ય સહિતના વિભાગો દ્વારા વિવિધ માહિતી દર્શાવતા ટેબ્લો પણ આ તકે પ્રદર્શિત કરવામાં આવ્યા હતાં, જેણે ઉપસ્થિતજનોમાં ભારે આકર્ષણ જગાડ્યું હતું.

આ રાષ્ટ્રીય પર્વ પ્રસંગે ઉદબોધન કરતાં મંત્રીશ્રી ભાનુબેન બાબરીયાએ સૌને ગણતંત્ર દિવસની શુભકામના પાઠવી જણાવ્યું હતું કે, આઝાદીની લડતમાં ઝાલાવાડનો ફાળો અવિસ્મરણીય રહ્યો છે. ઝવેરચંદ મેઘાણી, સરદારસિંહ રાણા, મોતીભાઈ દરજી, ફુલચંદભાઈ શાહ, મણીલાલ કોઠારી, ચીમનભાઈ વૈષ્ણવ જેવા સ્વાતંત્ર્યવીરોએ આઝાદીની લડતમાં પોતાનું અમૂલ્ય યોગદાન આપ્યું છે. મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ હેઠળની સરકારે વિકાસના નવા શિખરો સર કર્યા છે. સરકારે વિકસિત ભારત @૨૦૪૭ની પરિકલ્પનાને સાકાર કરવાની દિશામાં પણ નક્કર પગલાંઓ લીધા છે. વાઈબ્રન્ટ સમિટની ૧૦મી કડી સમૃદ્ધ ભારતનું ભવિષ્ય સુનિશ્ચિત કરતો ગોલ્ડન ગેટ-વે બન્યો છે.

મહિલા સશક્તિકરણ વિશેની વાત કરતાં વધુમાં તેમણે ઉમેર્યું હતું કે, વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ મહિલાઓના સશક્તિકરણની દિશામાં નકકર પગલાંઓ લીધા છે. નારી ગૌરવ નીતિ અમલમાં મુકનારૂ ગુજરાત દેશનું પ્રથમ રાજ્ય છે. સરકારે સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓમાં ૫૦ ટકા આરક્ષણ અને સરકારી નોકરીઓમાં ૩૩ ટકા મહિલા આરક્ષણનો પણ અમલ કરાવ્યો છે. રાજ્યમાં ખાસ મહિલા એસઆરપી બટાલિયન સ્થાપવાનો નિર્ણય કર્યો છે. ગંગા સ્વરૂપા આર્થિક સહાય યોજના અંતર્ગત ૧૩ લાખ ૭૧ હજાર જેટલી ગંગા સ્વરૂપા બહેનોને ડી.બી.ટી મારફતે બેંક ખાતામાં સીધી સહાય આપવામાં આવે છે. આજે ગુજરાત 'ઈઝ ઓફ ડુઈંગ' બિઝનેસ રેંકિંગમાં સમગ્ર દેશમાં બીજા ક્રમે છે. પ્રધાનમંત્રી આવાસ યોજનાના અમલીકરણમાં ગુજરાત સમગ્ર દેશમાં અગ્રસ્થાને છે. છેલ્લા બે વર્ષમાં ૩ લાખ ૧૬ હજાર જેટલા આવાસોનું નિર્માણ થયું છે. સુરેન્દ્રનગર જિલ્લામાં થયેલા વિકાસ કાર્યોની વાત કરતા તેમણે જણાવ્યું હતું કે, "વાઈબ્રન્ટ ગુજરાત, વાઈબ્રન્ટ સુરેન્દ્રનગર"માં ૧૯ જેટલા સ્જીસ્ઈ એકમો દ્વારા રૂ.૮૫૮ કરોડના અને જિલ્લામાં 'વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ-૨૦૨૪' અંતર્ગત સ્જીસ્ઈ એકમો દ્વારા અંદાજીત રૂ.૭૦૦ કરોડના રૈં કરવામાં આવ્યા છે.

# રામરાજ્ય માટે સમાજની ૧૦૦ વ્યક્તિમાંથી ૨૦ વ્યક્તિએ નીતિનો માર્ગ નહીં છોડવા સત્યનિષ્ઠ થવું પડે



**સદગુરુ વચનામૃત**
સંકલન ફાલ્ગુની વસાવડા (ભાવનગર)



હે ઈશ્વર.

આપનાં શ્રીચરણોમાં મારા સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. મેરી ચોખટ પે ચલ કે આજ ચારો ધામ આયે હૈ, બજાવો ઢોલ સ્વાગત મે, મેરે ઘર રામ આયે હૈ. બિલકુલ એ જ રીતે હમણાં અયોધ્યાના રામલલાના દર્શન કરી પરત ભરેલા પૂજ્ય બાપુનાં એકદમ નજીકથી દર્શન થયાં, અને મનરૂપી આંગણુ પાવન થયું. આપણો જન્મ અને જીવન એમની સાથે વર્તમાનમાં છે એ વિચારી રોમાંચિત પણ થયું. ત્રેતા યુગના એ રામને આપણે જોયા નથી, જેની કથા એ આટલાં લાંબા સમયથી ગાય છે, અને લોક માનસમા રામ ચરિત્રને દ્રઢ કરવા મથે છે. પરંતુ જેની રામમાં અપ્રિતમ નિષ્ઠા છે, અને એમના ચરિત્રને જેણે આત્મસાત કર્યું છે, એવા પૂજ્ય બાપુનાં દર્શન કરીને કાયમ એક નવી ઉર્જા પ્રાપ્ત થાય છે, અને રામરાજ્યની આશા પણ પ્રબળ થાય છે. એમના સાનિધ્યમાં બેસીએ તો જીવનની વગર વિચારી ગતિને એક દિશા મળે છે, એટલું તો સ્વીકારવું જ રહ્યું. પણ એક વાત તો નિશ્ચિંત છે, કે આપણે જે કાર્ય કરવું છે, એની માટે કોઈ અન્ય પર મદાર રાખીને બેસીશું, તો એ કાર્યમાં વિલંબ થાય અથવા ન પણ થાય! પરંતુ આપણે જ એ કાર્ય કરવા કટિબદ્ધ થઈએ, કે સંકલ્પિત થઈએ તો એ વધુ ઝડપથી થાય અને થશે એવો આત્મ વિશ્વાસ પણ વધે.

તા ૨૨/૧/૨૦૨૪ એ આયોધ્યામાં રામ લલ્લાની મૂર્તિની પ્રાણ પ્રતિષ્ઠાથી સમાજમાં રામરાજ્ય થશે એવી કરોડો લોકોને શ્રદ્ધા છે, પણ આ કામ માત્ર શ્રદ્ધા રાખવાથી કે વિચારવાથી નહીં થાય. આ ઉપરાંત જ્યાં સુધી રામરાજ્ય થાય એ માટે આપણે સરકાર કે સમાજ પાસેથી અપેક્ષા રાખીને બેઠા રહીશું, ત્યાં સુધી તો એ એટલું ઝડપથી નહીં જ થાય. પરંતુ એની માટેના નાનાં નાનાં પગલાઓ આપણે ખુદ ભરીશું, તો આ કાર્ય ઝડપથી થશે. રામ જન્મભૂમિમાં રામનું આવું ભવ્ય અને દિવ્ય તેમજ પ્રતિષ્ઠિત મંદિર બનવું એ ખરેખર બહુ વહેલું થવું જોઈતું હતું, પરંતુ દેશ કાળ પ્રમાણે એ થતું ન્હોતું, અને એમાં વિઘ્નો આવતા હતાં. પણ એ કાર્ય શક્ય બન્યું, એટલે કે હવે રામ તો આવી ગયા છે. પરંતુ આપણી અંદરના રામ તત્વને જાગૃત કરીને જીવવાનું શરૂ કરીશું, તો જેમ રામ આવ્યા એમ રામરાજ્ય પણ આવશે. ઘણા એ શરૂઆત પણ કરી દીધી હશે, અને કેટલાક તો પહેલેથી જ પ્રયત્નશીલ હશે, એટલે જ રામ આવ્યા. દાખલા તરીકે અયોધ્યા રામ મંદિરના દર્શન પર દર વર્ષે ૨૦૦૦ વ્યક્તિ ને સબસીડી આપવામાં આવશે એવી ગુજરાત સરકારે જાહેરાત પણ કરી છે.

આ ઉપરાંત જૈષ્ઠી જેટ એર સર્વિસ એ પણ સપ્ટેમ્બર સુધી ઓછા ભાડામાં અયોધ્યા લઈ જવાની જાહેરાત કરી છે. આ ઉપરાંત આ સમયગાળા દરમિયાન અયોધ્યામાં થઈ રહેલા આ ભવ્ય મહોત્સવ માટે કેટલું કેટલું દાન આવ્યું એ સાંભળીને હજી પણ સૌને રામમાં નિષ્ઠા, અને રામરાજ્ય થશે જ! એવી શ્રદ્ધા પ્રબળ છે, એ દેખાઈ રહ્યું છે. પરંતુ આચરણ કરવાની સરેરાશમાં આપણે માર ખાઈ જઈએ છીએ, એટલે કે જેટલું થવું જોઈએ એટલું થતું નથી, એને કારણે થયેલું કાર્ય પણ થોડા વખતમાં ખળભળવા લાગે છે, અને લોકોની નિષ્ઠા પણ ડગમગ ડગમગ થવા લાગે છે. કમ સે કમ સમાજની ૧૦૦ વ્યક્તિ માંથી ૨૦% વ્યક્તિ જો, અન્ય લોકો જે કરે તે! પરંતુ હું નીતિનો માર્ગ નહીં છોડુ, એ રીતે સત્યનિષ્ઠ થાય તો રામરાજ્ય થવું એ એટલું અશક્ય નથી.

સતયુગ, ત્રેતાયુગ, દ્વાપરયુગ, કળિયુગ, કાલચક્રના આ ચાર ચક્રમાં કળિયુગને બહુ ભીષણ અને ભયંકર માનવામાં આવ્યો છે, અને આપણે એ સાક્ષાત જોઈ પણ રહ્યા છીએ! એની ભીષણતા કે ભયંકરતા વિશે આપણે અત્યારે વાત કરવી નથી. પરંતુ પૂજ્ય બાપુ કહે છે તેમ, અત્યારે કથા યુગ ચાલી રહ્યો છે, એટલે કે વ્યક્તિ વિશેષને પ્રાધાન્ય મળવું. પણ ભગવંત ચરિત્રની કથાની દ્રષ્ટિએ જોઈએ તો જે ચરિત્રની કથા થાય છે, એનાં પરમ પ્રેમને અનુભવીને લોક માનસ પણ પ્રેમથી છલકાઈ શકે છે, અને એ રીતે કળિયુગમાં પણ ક્યાંક ક્યાંક સતયુગ, ત્રેતાયુગ કે દ્વાપર યુગના દર્શન થાય છે, આ ક્યાંક ક્યાંકની સંખ્યા વધે, માત્ર એટલી જ વાર છે રામરાજ્ય ને! કોઈ પણ જગ્યાએ આવું સદકાર્ય થતું હોય ત્યાં આપણે જઈએ, તો ત્યાં જેટલીવાર ત્યાં બેસીએ, એટલીવાર આપણે જેવા રહીએ છીએ, બસ એવું આખો દિવસ રહીએ તો આ કાર્ય અબઘડી થાય!

મોટેભાગે આપણે ત્યાં આગળ મારું તારું નથી કરતાં, ઈર્ષા નથી કરતાં, નીંદા નથી કરતાં, ઉપેક્ષા નથી કરતાં કોઈ જાતનો હઠાગ્ર કે દુરાગ્રહ નથી રાખતાં, એટલે કે નકારાત્મક વિચારો ત્યારે આપણાથી દૂર રહે છે. આપણે સૌ જાણીએ છીએ અને હવે તો લાઈવ પ્રસારણ આવતું હોવાથી જોઈએ પણ છીએ, કે દિવસે ને દિવસે આવા ભગવત કાર્યમાં સંખ્યા વધતી જ જાય છે. એ બતાવે છે કે આપણો મૂળ સ્વભાવ દયાળુ છે, પ્રેમાળ છે, ઉદાર છે, સંવેદનશીલ છે, અને નિખાલસ, નિર્દોષ, અને સરળ છે.

ઈર્ષા, નિંદા, મોહ, માયા, આગ્રહ, પૂર્વાગ્રહ, અપેક્ષા, ઉપેક્ષા જેવા નકારાત્મક ભાવથી જેવા દૂર જઈએ એટલે તરત જ આપણને આપણા મૂળ સ્વભાવનો પરિચય થાય છે. પણ તકલીફ ત્યાં છે કે આવા ભગવત ચરિતને સાંભળ્યા પછી, એ અનુભૂતિને આત્મસાત કર્યા પછી, ઘરે આવીએ એટલે જેમ વસ્ત્ર બદલીએ એ જ રીતે, વૃત્તિ પણ બદલી નાખીએ છીએ, અને એને કારણે ફરી પાછા હતાં એવા ને એવા જ થઈ જઈએ છીએ! અને એને કારણે જ આપણે આજ સુધી રામરાજ્ય સુધી પહોંચી શક્યા નથી, નહીં તો એ આપણી પોતાની માંગ છે, આપણે એવું જ જીવવા ઈચ્છીએ છીએ, પણ દેશકાળ પ્રમાણેનાં આ મહત્વના નકારાત્મક ગુણધર્મોને લઈને આવું જીવી શકાતું નથી. એક ઉદાહરણથી સમજીએ,આપણે કોઈના ઘરે જઈએ, દ્વાર બંધ હોય તો જેમ એને ખખડાવીને જતાવીએ છીએ, કે હું આવી ગયો છું, કે આવી ગઈ છું! એમ સતયુગ કે ત્રેતાયુગ આપણા માનસ પર દસ્તક દઈ રહ્યો છે કે, હું આવી ગયો છું! હું આવી ગયો છું,! બસ દ્વાર ખોલવા જેટલી જ વાર છે. અંદર તો એ જ તત્વ પડ્યું છે અને બહારથી પણ જ્યારે એ જ તત્વ અંદર આવવા મથે છે!: એટલે કે આપણી ચેતના જ તત્વતઃ શુદ્ધ ચૈતન્ય રુપ છે, એ જ્ઞાન પ્રાપ્તિ પછી નકારાત્મક ભાવ આપોઆપ આપણાથી દૂર રહે છે, અને જીવન કલ્યાણ તરફ ગતિ કરે છે, અને લોક મંગલના કાર્યમાં જોડાય છે. તો જો રામરાજ્યનું સ્વપ્ન સાકાર કરવું હશે તો એકોએક વ્યક્તિ એ પ્રયત્નશીલ રહેવું પડશે. તો એકમાત્ર ઉપાય ને અજમાવીને આપણે રામરાજ્ય સુધી પહોંચી શકીએ એવી એક અનન્ય પ્રાર્થના ઈશ્વર ચરણે રાખી હું મારા શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું ફરી મળીશું નવા ચિંતન મનન સાથે તો સૌને મારા આજના દિવસના સ્નેહ વંદન અને જય સીયારામ.

# આ સંસાર જંગલ, વેલા તથા જાળાઓથી ગીચ છે તેમાં ડાંસ મચ્છરોનો પાર નથી





**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા



મનમાં ને મનમાં જ પડકારી ગયો,
જાત મારી એમ સંભાળી ગયો.
અન્યને જીતાડવા રમતો હતો !
એ જ માણસ જિન્દગી હારી ગયો.
ચાસ મનમાં આટલાં હરખાય કાં ?
આજ ખેતરમાં તું શું વાવી ગયો ?
ગર્વ ખોટો કર નહીં તું જાત પર,
એક બિંદુ હું ય વિસ્તારી ગયો !
બંધ આંખે સ્હેજ હું બેઠો હતો,
ડાયરો કૈં કેટલું ધારી ગયો !
ઓ ! ઘટા, આજે થયું છે શું તને ?
સ્હેજ ભીંજાયો છતાં દાઝી ગયો !

મન જ સંસાર બંધનના કારણ રૂપ છે ને તે જ મન મોક્ષના કારણ રૂપ છે. તન બાંધે ને મન છોડે. મનુષ્યનું મન જો વિષયોમાં આસક્ત થાય તો તે સાંસારિક દુઃખો આપનાર થાય છે, અને તે જ મન જો વિષયોમાં આસક્ત ન થાય અને ઈશ્વરના ભજનમાં લીન થાય, તો તે મોક્ષ આપનાર થાય છે. વિષયોનું ચિંતન કરતાં મન તેમાં ફસાય છે અને તેથી તેનું બંધન આત્મા પોતા ઉપર કલ્પે છે. આ બધી મનની લુચ્ચાઈ છે માટે મનને પરમાત્મામાં સ્થિર કરો. હે રાજા, તું મને પૂછે છે કે, તું

કોણ છે? પણ તું તારી જાતને પૂછ કે, હું કોણ છું? જાણ કે તું શુદ્ધ આત્મા છે. જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિ — એ ત્રણે અવસ્થાઓનો સાક્ષી આત્મા છે. હે રાજન! જ્ઞાનીઓ જગતને સત્ય માનતા નથી. જ્ઞાનીઓ સંસારને મન કલ્પિત માને છે. જગત સ્વપ્ન જેવું છે. તેમ છતાં જેમ ખોટું સ્વપ્ન રડાવે છે તેમ આ ખોટું જગત પણ મનુષ્યના જીવને રડાવે છે. દાખલા તરીકે એક મનુષ્ય સૂતેલો છે. તેને સ્વપ્ન આવ્યું કે,વાઘે તેના પર હુમલો કર્યો. વાઘ મને ખાઈ જશે એમ માની તે માણસ ચીસો નાંખવા લાગ્યો અને રડવા લાગ્યો. તરત તે જાણી ગયો. હવે તેને સમજાયું કે,આ તો સ્વપ્ન હતું. સ્વપ્નના વાઘથી બીવાની કાંઈ જરૂર નથી. પરંતુ સ્વપ્ન ખોટું છે તે સમજાય ક્યારે? જાગીએ ત્યારે? જાગ્યો કોણ? સર્વ હઠી ગયું, છૂટી ગયું તે.વિષયોમાંથી જેનું મન રાજા તેથી તો કહું છું કે,આ બધા મનના ખેલ છે. મનને શુદ્ધ કરવા સંતોનો સમાગમ કરવો.. સંતોની ચરણ રજ મસ્તકે ચડાવવી. મહાપુરુષો ની સેવાથી બ્રહ્મપ્રાપ્તિ થાય છે. હે રાજા, સત્સંગ વગર જ્ઞાન મળતું નથી. સ્વરૂપનું પરિપૂર્ણ એ એક જ સત્ય વસ્તુ છે. એક બ્રહ્મ જ સત્ય છે. બ્રહ્મ સત્યસ્વરૂપ, ભેદથી રહિત, પરિપૂર્ણ આત્મસ્વરૂપ છે. પંકિતો તેને ભગવાન વાસુદેવ, શ્રીકૃષ્ણ એ નામોથી પણ વર્ણવે છે, બાકી જગત તો મિથ્યા છે.

આમ રાજર્ષિને દિવ્ય તત્ત્વજ્ઞાનનો ઉપદેશ કર્યા પછી ભરતજીએ ભવાટવીનું વર્ણન કર્યું. એક એક ઈન્દ્રિય આત્માનું વિવેકરૂપી ધન લૂટે છે,કોઈ સંત મળે તો સંસાર રૂપી જંગલમાંથી એને બહાર કાઢે. સંસારમાં એકલા ભટકશો નહીં. કોઈ સંતનો,સગુરુ નો આશ્રય લેશો તો તેમાંથી બહાર નીકળશો. માયાના કારણે જીવ સુખની લાલચમાં આ સંસાર રૂપી જંગલ માં ભટકે છે,પણ તેને સાચું સુખ મળતું નથી.જેનો નાયક આંધળો તેનું લશ્કર ખાડામાં. તેવી રીતે જે જીવનો સરદાર એટલે કે મન યોગ્ય નથી. તેના પર ઈન્દ્રિયોરૂપી લૂંટારા હુમલો કરે છે અને તેનું ધર્મરૂપી ધન લૂંટી લે છે. આવા સંઘમાં રહેલા પ્રમાદી મનુષ્યને ઘેટાના ટોળામાંથી પ્રમાદી ઘેટાને જેમ વરુ ખેંચી જાય તેમ સ્ત્રી-પુત્રરૂપી શિયાળવા ખેંચી જાય છે.

આ સંસાર જંગલ,વેલા તથા જાળાઓથી ગીચ છે. તેમાં ડાંસ મચ્છરોનો પાર નથી.આવા જંગલ માં જીવને ગંધર્વનગર દેખાય છે. એટલે શરીરાદિને તે સત્ય માને છે.

આ જીવ ભૂખથી વ્યાકુળ થાય છે ત્યારે અપવિત્ર વૃક્ષોનો એટલે કે અધાર્મિક મનુષ્યોનો આશ્રય કરે છે અને તૃપાથી પીડાય છે,ત્યારે ઝાંઝવાના જળ એટલે કે શોકરૂપી અગ્નિ મદસ્થાશ્રમને દુઃખમય બનાવી મૂકે છે.

આ જંગલમાં ચાલતાં જીવો કાંટા અને કાંકરાથી એટલે કે અનેક પ્રકારનાં સંકટોથી વીંધાઈ જાય છે.

હિંસક પ્રાણીઓ કરડે છે. તો કોઈ વખત તે પોતે જ અંધ બની એટલે કે વિવેકભ્રષ્ટ બની, તે મોહના આ જીવોને ત્યારે નિદ્રારૂપી સર્પ કરડે છે. તેથી તે મુડદા જેવો થાય છે. કોઈ વાર દુર્જનો રૂપી અંધારિયા કૂવામાં પડી દઃખથો રિબાય છે. વળી આ જીવોએ જંગલમાં સ્ત્રી ઓ રૂપી લતાની શાખાઓનો આશ્રમ કરી ત્યાં રહેલા અસ્પષ્ટ મધુર મધુર શબ્દ કરતાં બાળકો રૂપી પક્ષીઓને રમાડવા ઈચ્છે છે. છેવટે સિંહરૂપી જન્મમરણનો તેઓ શિકાર બને છે. આમ જીવા ત્મા કોઈ વખત સુખી અને કોઈ વખત દુઃખી થાય છે.જીવ ભગવાનનાં ચરણનો આશ્રય લે તો કૃતાર્થ થાય છે.

ટૂંકમાં આ સંસાર માર્ગ દારુણ, દુર્ગમ અને ભયંકર છે.માટે વિષયો માં મનને આસક્ત કર્યા વગર શ્રી હરિની સેવાથી તીક્ષ્ણ બનેલા જ્ઞાન રૂપ તલવાર લઈ આ સંસારમાર્ગને તું પાર કર!

ભરતજીએ આમ રહુગણ રાજાને પ્રથમ શિક્ષા અને પછી દીક્ષા આપેલી છે.ભગવતાશ્રય કરનારનો આશ્રય કરે તે કૃતાર્થ થાય છે. તે પછી આવે છે ભારતવર્ષના ઉપાસ્ય દેવો અને ઉપાસક ભક્તોનું વર્ણન.

માનવશરીરની નિંદા ભાગવતમાં ઠેર ઠેર કરેલી છે. માનવશરીરની સ્તુતિ એક પાંચમા સ્કંધમાં જ છે અને તે પણ દેવોએ કરેલી છે.

માનવ શરીર મુકુંદની સેવા કરવા માટે છે.માનવ ધારે તો નરનો નારાયણ થઈ શકે છે. મનુષ્યજન્મ સર્વ પુરુષાર્થોનું સાધન છે એમ કહી દેવો આ ભારતવર્ષમાં જન્મ પામેલા મનુષ્યોનો આ પ્રમાણે મહિમા ગાય છે:અહો,આ ભારત વર્ષના મનુષ્યોએ કયા પુણ્ય કર્યા હશે? અથવા શ્રીહરિ પોતે જ શું તેઓના ઉપર પ્રસન્ન થયા હશે? મનુષ્યજન્મ શ્રીહરિની સેવા માટે ઉપયોગી હોઈ, અમે પણ એની ઝંખના કરીએ છીએ.એ સૌભાગ્ય ની તો અમે પણ હંમેશાં સ્પૃહા કરીએ છીએ. આમ, દેવો જેની ઝંખના કરે છે તેવો મનુષ્ય જન્મ ભારતમાં મેળવ્યા પછી માનવી ઈશ્વરને ભૂલે તો એનું અસદભાગ્ય! પરમાત્માએ આ જન્મ આપીને જ મોટી કૃપા કરી છે તેને શું વ્યર્થમાં જવા દેશો? ચારે તરફ જોતાં બહુ દુઃખ થાય છે. કળિયુગમાં રાવણ તો નથી રહ્યા, પણ રાવણનો વંશ બહુ વધ્યો છે. આજકાલ સમય એવો આવ્યો છે કે, દરેકનું મન બગડે છે, પણ ઈષ્ટદેવનું નામ પ્રીતિ સાથે થતાં મન બગડતું અટકી જાય છે!

### સલમાન ખાનની બિગ બોસ ટ્રોફી પહોંચી ડોંગરી

# મુનવ્વરને તેના જન્મદિવસે મળ્યો જીતનો તાજ

## સલમાનના શોની સફર ૧૭ સ્પર્ધકો સાથે શરૂ થઈ હતી, આ દરમિયાન કેટલાક સ્ટાર્સ પણ વાઈલ્ડ કાર્ડ તરીકે શોનો હિસ્સો બન્યા હતા





બિગ બોસના તમામ ફેન્સ જેની રાહ જોઈ રહ્યા હતા તે ક્ષણ આખરે આવી ગઈ છે. બિગ બોસ સીઝન ૧૭ને તેનો વિજેતાને મળી ગયો છે. મુનવ્વર ફારૂકીએ આ શોની ટ્રોફી જીતી છે. સલમાન ખાનના આ શોની સફર ૧૭ સ્પર્ધકો સાથે શરૂ થઈ હતી. આ દરમિયાન કેટલાક સ્ટાર્સ પણ વાઈલ્ડ કાર્ડ તરીકે શોનો હિસ્સો બન્યા હતા. બધાને પાછળ છોડીને મુનવ્વર ફારૂકી, અંકિતા લોખંડે, મન્નારા ચોપરા, અભિષેક કુમાર અને અરુણ મહાશેટ્ટીએ ફાઈનલમાં પ્રવેશ કર્યો અને હવે મુનવ્વરે આ શોનું ટાઈટલ જીતી લીધું છે. તેણે પોતાના જન્મદિવસના અવસર પર આ જીત હાંસલ કરી છે. ૨૮ જાન્યુઆરીએ તે ૩૨ વર્ષનો થયો છે. બિગ બોસની આ સીઝન ૧૫ ઓક્ટોબર ૨૦૨૩ના રોજ શરૂ થઈ હતી. આ શો ૧૦૭ દિવસ ચાલ્યો હતો. તેને તેનો વિનર મળી ગયો છે. ગ્રાન્ડ ફિનાલે એપિસોડ ૨૮મી જાન્યુઆરીએ સાંજે ૬ વાગ્યાથી શરૂ થયો હતો. જે બાદ શોમાંથી બહાર થઈ ગયેલા ઘણા સ્પર્ધકો પણ પરફોર્મ કરતા જોવા મળ્યા હતા. ટોપ ૫ ફાઈનલિસ્ટ સ્પર્ધકોમાંથી એક પછી એક બાકીના ચાર બહાર થઈ ગયા અને મુનવ્વરે આ સિઝન જીતી લીધી છે. અરુણ મહાશેટ્ટી આ શોમાંથી બહાર નીકળનારા પહેલા હતા. તે પછી અંકિતા લોખંડે અને પછી મન્નારા ચોપરાનો પણ સફાયો થઈ ગયો હતો. ત્યારબાદ અભિષેક અને મુનવ્વર વચ્ચે મુનવ્વરને સૌથી વધુ વોટ મળ્યા હતા. જેના પછી તેને આ સીઝનનો વિજેતા જાહેર કરવામાં આવ્યો છે. બિગ બોસ જીતવા પર, મુનવ્વર ફારૂકીને માત્ર ટ્રોફી જ નહીં, પરંતુ તેની સાથે તેને ૫૦ લાખ રૂપિયાની રોકડ પ્રાઈઝ મની અને એક કાર પણ આપવામાં આવી. આ ટ્રોફીની સૌથી ખાસ વાત એ છે કે તેને શોની થીમ દિલ, દિમાગ અને દમના આધારે તૈયાર કરવામાં આવી છે. જીત સાથે જ તે સોશિયલ મીડિયા પર ટ્રેન્ડ કરવા લાગ્યો અને દરેક જગ્યાએ ફેમસ થઈ ગયો છે. તેને ફેન્સ તરફથી ખૂબ અભિનંદન મળી રહ્યા છે. મુનવ્વર ફારૂકી, અંકિતા લોખંડે, મન્નારા ચોપરા, અભિષેક કુમાર અને અરુણ મહાશેટ્ટી સિવાય આ શોમાં ભાગ લેનારા અન્ય સ્પર્ધકોના નામ છે- વિકી જૈન, ઈશા માલવિયા, જિગ્ના વોરા, નાવેદ સોલે, ઐશ્વર્યા શર્મા, નીલ ભટ્ટ, અનુરાગ ડોભાલ, સના રઈસ ખાન, સોનિયા બંસલ, ખાનઝાદી, સની આર્યા, રિંકુ ધવન.

# બે સગા ભાઇઓ પડદા પર બન્યા વિલન, તેમની સામે હિરો પણ પડ્યો ફિક્કો



### કાબિલમાં રોહિત રોય અને રોનિત રોય ખતરનાક વિલનની ભૂમિકામાં જોવા મળ્યા હતા, બંનેની એક્ટિંગના ખૂબ વખાણ થયા હતા

૭ વર્ષ પહેલા ઋતિક રોશન અભિનીત ફિલ્મ રિલીઝ થઈ હતી, જેમાં એક નહીં પરંતુ બે વિલન હતા. બંને ભાઈઓએ સાથે મળીને પડદા પર પોતાની ખલનાયકીથી ચાહકોનું દિલ જીતી લીધું હતું. આ ફિલ્મને દર્શકોએ ખૂબ વખાણી હતી અને બોક્સ ઓફિસની કમાણી પણ જોરદાર રહી હતી. આ ફિલ્મનું નામ છે 'કાબિલ'. વર્ષ ૨૦૧૭માં રિલીઝ થયેલી 'કાબિલ' બોક્સ ઓફિસ પર હિટ રહી હતી.

આ ફિલ્મમાં ઋતિક રોશને મુખ્ય ભૂમિકા ભજવી હતી. જ્યારે તેની સામે યામી ગૌતમ જોવા મળી હતી. ઋતિક રોશનની ફિલ્મ 'કાબિલ'માં રોહિત રોય અને રોનિત રોય ખતરનાક વિલનની ભૂમિકામાં જોવા મળ્યા હતા. બંનેની એક્ટિંગના ખૂબ વખાણ થયા હતા. રસપ્રદ વાત એ છે કે ફિલ્મમાં રોહિત અને રોનિતે રિયલ ભાઈઓની ભૂમિકા પણ ભજવી હતી. આ ફિલ્મની વાર્તા રોહન ભટનાગર (ઋતિક રોશન)ની આસપાસ ફરે છે, જેની પત્ની સુપ્રિયા (યામી ગૌતમ) સાથે અમિત (રોહિત રોય) તેના એક મિત્ર સાથે મળીને દુષ્કર્મ કરે છે. અમિતનો ભાઈ માધવ રાવ (રોનિત રોય) શક્તિશાળી નેતા છે, તેથી પોલીસવાળા પણ રોહનની વાત સાંભળતા નથી. આ પછી સુપ્રિયા કંટાળીને આત્મહત્યા કરી લે છે.

ફિલ્મની વાસ્તવિક વાર્તા અહીંથી શરૂ થાય છે. પછી રોહન એક પછી એક બધાનો બદલો લે છે.

સંજય ગુપ્તા દ્વારા દિગ્દર્શિત 'કાબિલ' દર્શકોને અંત સુધી જકડી રાખે છે. તેની રિલીઝ પછી 'કાબિલ'ને દર્શકો તેમજ વિવેચકો દ્વારા વખાણવામાં આવી હતી. તેણે બોક્સ ઓફિસ પર ખર્ચ કરતાં ૫ ગણી વધુ કમાણી કરીને નિર્માતાઓના ખિસ્સા ભરી દીધા હતા. સૅકનિલ્કના રિપોર્ટ અનુસાર, ઋતિક રોશનની ફિલ્મ 'કાબિલ' ૩૫ કરોડ રૂપિયાના બજેટમાં બની હતી. ઋતિક રોશન, રોનિત રોય અને રોહિત રોયની ફિલ્મ 'કાબિલ'એ ભારતમાં ૧૦૪ કરોડ રૂપિયાનો બિઝનેસ કર્યો હતો. આ ફિલ્મે વિશ્વભરમાં ૧૭૮ કરોડ રૂપિયાનું જોરદાર કલેક્શન કર્યું હતું.

# "ડ્રિપ થેરાપી" લેવી પડે છે જાહ્નવી કપૂરને સુંદર દેખાવા માટે



### નવીન અને કાર્યક્ષમ સારવારમાં આવશ્યક વિટામિન્સ, પ્રવાહી અને અન્ય રોગનિવારક પદાર્થોને નસમાં સીધું લોહીના પ્રવાહમાં દાખલ કરવામાં આવે છે

બોલિવૂડની અભિનેત્રીઓ પોતાની સુંદરતાને કારણે જાણીતી હોય છે. સુંદર દેખાવા માટે આ અભિનેત્રીઓ લાખો રુપિયાનો ખર્ચ કરતી હોય છે. બોલિવૂડ સેન્સેશન જાહ્નવી કપૂરનો એક વીડિયો હાલમાં સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે. અભિનેત્રી સુંદર દેખાવા માટે અનોખી થેરેપી કરતી જોવા મળે છે. ચાલો જાણીએ આ અનોખી થેરેપી વિશે. જાહ્નવી કપૂરના એ વીડિયોએ મનોરંજન ઉદ્યોગમાં ભારે ઉત્સુકતા અને ચર્ચા જગાવી છે. જણાવી દઈએ કે જાહ્નવી કપૂર આ વીડિયોમાં ફ થેરેપી કરાવતી જોવા મળે છે. ઈન્ટ્રાવેનસ થેરાપી, જેને ઘણીવાર "ડ્રિપ થેરાપી" તરીકે ઓળખવામાં આવે છે, તેણે માત્ર જાહ્નવી કપૂર જેવી સેલિબ્રિટીઓમાં જ નહીં પરંતુ વેલનેસ અને હેલ્થ કેર ક્ષેત્રે પણ લોકપ્રિયતા મેળવી છે. આ નવીન અને કાર્યક્ષમ સારવારમાં આવશ્યક વિટામિન્સ, પ્રવાહી અને અન્ય રોગનિવારક પદાર્થોને નસમાં સીધું લોહીના પ્રવાહમાં દાખલ કરવામાં આવે છે. ઈન્ટ્રાવેનસ થેરપીને રિવાઈવ ઈન્ડિયા દ્વારા બનાવવામાં આવી છે. આ એક પ્રકારની થેરાપી છે જેનાથી શરીર રિચાર્જ થાય છે. આ થેરાપીને વેલનેસ એક્સપીરિયન્સ તરીકે પણ ઓળખવામાં આવે છે. આ થેરાપી ત્વચાને ચમક અને શરીરને જરુરી પોષક તત્ત્વો આપે છે.

# હૃતિક થિયેટરમાં બધાની વચ્ચે ફાઇટર જોવા પહોંચ્યો



બોલિવૂડ ઈન્ડસ્ટ્રીના પોપ્યુલર એક્ટર હૃતિક રોશનની ફાઈટર મુવી ગુરુવારના રોજ મલ્ટીપ્લેક્સમાં રિલીઝ થઈ ગઈ છે. આ ફિલ્મને લોકોનો ખૂબ પ્રેમ મળી રહ્યો છે. ફિલ્મ ફાઈટરે માત્ર ભારતમાં બે દિવસમાં ૬૫ કરોડની કમાણી કરી લીધી છે. આ પરથી એવું લાગી રહ્યુ છે કે દર્શકોને આ ફિલ્મ ખૂબ પસંદ પડી રહી છે. જો કે આ મુવી ફિલ્મ જોયા પછી ફેન્સ હૃતિક રોશનના વખાણ કરી રહ્યા છે. ફિલ્મ જોયા પછી ફેન્સ ડાયલોગ અને એક્શનના વખાણ કરી રહ્યા છે. આ વચ્ચે હૃતિક રોશને સોશિયલ મિડીયા એકાઉન્ટ પર એક વિડીયો શેર કર્યો છે જેમાં હૃતિક રોશન એના કો સ્ટાર્સની સાથે થિયેટરમાં પહોંચ્યો છે. ફાઈટર સ્ટાર હૃતિક રોશનને થિયેટરમાં જોઈને ફેન્સ સુપર એક્સાઈટેડ થઈ ગયા. હૃતિક રોશને એના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર એક વિડીયો શેર કર્યો છે. આ વિડીયોમાં તમે જોઈ શકો છો કે હૃતિક રોશન એના કો સ્ટાર અનિલ કપૂર, કરણ સિંહ ગ્રોવર, અક્ષય ઓબેરોય અને ફિલ્મ ફાઈટર ડાયરેક્ટર સિદ્ધાર્થ આનંદ સાથે મલ્ટીપ્લેક્સમાં જોવા મળ્યો. ફાઈટર મુવીની પૂરી ટીમ ફિલ્મ જોતા સમયે લોકો રિએક્શનને માર્ક કર્યા. આ સાથે મુલાકાત પણ કરી. ફેન્સ એમના ફેવરિટ સ્ટાર્સને જોઈને એકદમ ખુશ થઈ ગયા. હૃતિક રોશને આ વિડીયો શેર કરતાની સાથે કેપ્શનમાં લખ્યુ છે કે ઔર યે હો ગયા..યહી કારણ હે કી મેં જો કરતા હૂં વો કરતા હૂં..ઈન મુસ્કુરાતે ચહેરો કો દેખકર બહુ ખુશ હુએ. આપ સભી કે પ્યાર કે લિએ બહુત-બહુત ધન્યવાદ, ફિલ્મ ફાઈટર ટીમનો આ વિડીયો વાયુવેગે વાયરલ થઈ રહ્યો છે. ભારતીય વાયુસેના પર આધારિત આ અદ્ભુત એક્શન ફિલ્મમાં હૃતિક રોશન અને દીપિકા પાદુકોણ ઉપરાંત અનિલ કપૂર, કરણ સિંહ ગ્રોવર અને સંજીદા શેખ જેવા સ્ટાર્સ જોવા મળશે. આ ફિલ્મનું નિર્દેશન સિદ્ધાર્થ આનંદ દ્વારા કરવામાં આવ્યું છે, જેણે અત્યાર સુધી ઘણી સુપરહિટ ફિલ્મો આપી છે.

# ભૂમિ પેડનેકરે અને સમીક્ષા પેડનેકર સાથે કામાખ્યા દેવીના દર્શન કર્યા



ફિલ્મી સિતારાઓ આ દિવસોમાં ધાર્મિક યાત્રાને લઈને સોશિયલ મિડીયામાં સતત છવાયેલા રહેતા હોય છે. આ દિવસોમાં તમન્ના ભાટિયાએ પૂરા પરિવાર સાથે કામાખ્યા દેવીના દર્શન કર્યા. આ સિવાય બીજા પણ સ્ટાર્સ ધાર્મિક યાત્રામાં જોડાયેલા છે. આ લિસ્ટમાં બોલિવૂડ એક્ટ્રેસ ભૂમિ પેડનેકરનું નામ પણ શામેલ થઈ ગયુ છે. ભૂમિ પેડનેકર હાલમાં ફેમસ કામાખ્યા દેવી મંદિરમાં દર્શન કરતા જોવા મળ્યા. આ તસવીરો સોશિયલ મિડીયામાં શેર કરી છે. આ તસવીરોમાં ભૂમિ અને સમીક્ષા મંદિરમાં પૂજા-અર્ચના કરતી જોવા મળી રહી છે. ખૂબસુરત પીળા રંગના પારંપરિક પોશાક પહેરીને ભૂમિ પેડનેકરે બહેન સાથે મંદિરમાં તસવીર ખેંચાઈ છે. ભૂમિએ ફોટો શેર કરતા લખ્યુ છે કે જય માં. ભૂમિ પેડનેકરે ૨૭ જાન્યુઆરીના રોજ સોશિયલ મિડીયામાં જે તસવીરો શેર કરી છે એમાં મંદિરની ઝલક જોવા મળી રહી છે જેમાં કામાખ્યા મંદિરમાં દર્શન કરતી નજરે પડી રહી છે. આ દરમિયાન બહેન સમીક્ષા પણ નજરે પડે છે. આમ, તમને જણાવી દઈએ કે કામાખ્યા મંદિર ભારતનું સૌથી મહત્વપૂર્ણ હિન્દુ તીર્થ સ્થળોમાંથી એક છે.

### અભિનેત્રી ભૂમિ અને સમીક્ષા મંદિરમાં પૂજા કરે છે અને હાથ જોડીને પ્રાર્થના કરતા જોવા મળી રહ્યા છે



જે અનોખી પરંપરાઓ અને સમુદ્ધ સાંસ્કૃતિક વિરાસત માટે ફેમસ છે. તસવીરોમાં તમે જોઈ શકો છો ભૂમિ અને સમીક્ષાના માથા પર કંકુનો ચાંલ્લો કર્યો છે. ભૂમિ અને સમીક્ષા મંદિરમાં પૂજા કરે છે અને હાથ જોડીને પ્રાર્થના કરતા જોવા મળી રહ્યા છે. ભૂમિ અને સમીક્ષા મંદિરમાં પૂજા કરતી વખતે હાથ જોડીને પ્રાર્થના કરે છે અને આશીર્વાદ લેતી નજરે પડે છે. ભૂમિ પેડનેકર ભક્ષક ફિલ્મમાં જોવા મળશે. આ એક જર્નાલિસ્ટના રોલમાં જોવા મળશે. ભક્ષક એક ક્રાઈમ ડ્રામા ફિલ્મ છે જે સાચી ઘટના પર આધારિત છે. આનું નિર્દેશન પુલકિતે કર્યુ છે. આ મુવીમાં ભૂમિ પેડનેકર સિવાય આદિત્ય શ્રીવાસ્તવ, સંજય મિશ્રા જેવા સિતારા મહત્વની ભૂમિકામાં જોવા મળશે. ભૂમિ પેડનેકરની મુવી ભક્ષક ઓટીટી પ્લેટફોર્મ નેટફ્લિક્સ પર રિલીઝ થશે. ભૂમિ પેડનેકરની આ મુવી માટે ફેન્સ સુપર એક્સાઈટેડ છે. ભૂમિ પેડનેકર પોતાની એક્ટિંગથી હંમેશા લોકોને ફિદા કરી દેતી હોય છે. ભૂમિ પેડનેકરનો ફેન ફોલોઈંગ બહુ મોટો છે.

# તાપસી પન્નુને ઘરે પ્રેમથી મેગી કહીને બોલાવવામાં આવે છે



તાપસી પન્નુનો જન્મ ૧ ઓગસ્ટ ૧૯૮૭ના રોજ થયો છે.ભારતીય અભિનેત્રી જે મુખ્યત્વે હિન્દી, તેલુગુ અને તમિલ ફિલ્મોમાં કામ કરે છે. બે ફિલ્મફેર પુરસ્કારો અને એક ફિલ્મફેર ઓટીટી એવોર્ડ સહિત અનેક પુરસ્કારો જીતી ચૂકી છે. તાપસી પન્નુના બહુ ઓછા ચાહકો તેનું હુલામણું નામ જાણે છે. તાપસીને ઘરે પ્રેમથી 'મેગી' કહીને બોલાવવામાં આવે છે. કારણ કે તાપસીના વાળ બાળપણથી જ એકદમ વાંકડિયા છે. ટૂંકી મોડેલિંગ કારકિર્દી પછી પન્નુએ ૨૦૧૦ની તેલુગુ ફિલ્મ ઝુમ્મંડી નાદમથી અભિનયની શરૂઆત કરી અને ૨૦૧૧ની તમિલ ફિલ્મ આદુકલમમાં અભિનય કર્યો. ડેવિડ ધવનની કોમેડી ચશ્મે બદ્દૂર (૨૦૧૩) થી બોલિવુડમાં પ્રવેશ કર્યો હતો. અનેક તેલુગુ અને તમિલ ફિલ્મોમાં લીડ રોલમાં ભૂમિકા ભજવ્યા પછી, પન્નુએ હિન્દી જાસૂસ ફિલ્મ બેબી (૨૦૧૫) અને કોર્ટરૂમ ડ્રામા પિંક (૨૦૧૬)માં શાનદાર અભિનયની ચાહકોએ ખુબ પ્રશંસા કરી હતી. પન્નુએ બોલિવુડમાં ધ ગાઝી એટેક (૨૦૧૭), સામાજિક ડ્રામા મુલ્ક (૨૦૧૮), રોમેન્ટિક ડ્રામા મનમર્ઝિયાં (૨૦૧૮), થ્રિલર બદલા (૨૦૧૯), અને સ્પેસ ડ્રામા મિશન મંગલ (૨૦૧૯) દ્વારા પણ ઘણું નામ કમાયું છે, બાયોપિક સાંઢ કી આંખ (૨૦૧૯)માં શાર્પશૂટર પ્રકાશી તોમરની ભૂમિકા ભજવવા માટે તેને શ્રેષ્ઠ અભિનેત્રી માટેનો ફિલ્મફેર ક્રિટીક્સ એવોર્ડ જીત્યો હતો. અનુભવ સિંહાની ફિલ્મ થપ્પડ (૨૦૨૦) માં છૂટાછેડામાંથી પસાર થઈ રહેલી ગૃહિણીની ભૂમિકા માટે ફિલ્મફેર એવોર્ડ જીત્યો હતો. હસીન દિલરૂબા (૨૦૨૧), રશ્મિ રોકેટ (૨૦૨૧), અને લૂપ લપેટા (૨૦૨૨) ફિલ્મોમાં અભિનય કર્યો છે, અને ડંકી (૨૦૨૩)માં તેની સૌથી વધુ કમાણી કરનાર ફિલ્મ રહી છે. અભિનય ઉપરાંત પન્નુ ધ વેડિંગ ફેક્ટરી નામની ઈવેન્ટ મેનેજમેન્ટ કંપની ચલાવે છે. તે પ્રીમિયર બેડમિન્ટન લીગમાં રમે છે, બેડમિન્ટન ફ્રેન્ચાઈઝી પુણે ૭ એસેસની માલિક પણ છે. તાપસી પન્નુએ માતા જય કૌર પબ્લિક સ્કૂલમાં શાળાકીય શિક્ષણ મેળવ્યું હતું અને ગુરુ તેગ બહાદુર ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેક્નોલોજીમાં કોમ્પ્યુટર સાયન્સ એન્જિનિયરિંગનો અભ્યાસ કર્યો છે. ૨૦૦૮ના ટેલેન્ટ શો ગેટ ગોર્જિયસ માટે તેની પસંદગી કરવામાં આવી હતી, જે આખરે તેને અભિનય તરફ દોરી ગઈ.તાપસી પન્નુએ અનેક જાહેરાતમાં પણ કામ કર્યું છે. મોડેલિંગ દિવસો દરમિયાન ૨૦૦૮ની ફેમિના મિસ ઈન્ડિયા સ્પર્ધામાં "પેન્ટાલૂન્સ ફેમિના મિસ ફ્રેશ ફેસ" અને "સફી ફેમિના મિસ બ્યુટીફુલ સ્કિન" સહિત અનેક ટાઈટલ જીત્યા હતા. એક મોડેલ તરીકે રિલાયન્સ ટ્રેન્ડ્સ, રેડ એફએમ ૯૩.૫, યુનિસ્ટાઈલ ઈમેજ, કોકા-કોલા, મોટોરોલા, પેન્ટાલૂન, પીવીઆર સિનેમાસ, સ્ટાન્ડર્ડ ચાર્ટર્ડ બેંક, ડાબર, એરટેલ, ટાટા ડોકોમો, વર્લ્ડ ગોલ્ડ કાઉન્સિલ, જેવી બ્રાન્ડ્સ સાથે કામ કરી ચૂકી છે. અભિનેત્રીએ 'પિંક', 'રશ્મિ રોકેટ', 'થપ્પડ' જેવી ઘણી હિટ ફિલ્મોમાં કામ કર્યું છે. લોકો હજુ પણ આ ફિલ્મો જોવાનું પસંદ કરે છે. ડંકી ફિલ્મમાં શાહરૂખ ખાન અને રાજકુમાર સાથે પહેલીવાર કામ કર્યું છે.





તસ્વીર : સંતોષ જોશી બૂરોઈન ચીફ, સંતરામપુર

શ્રી જશવંતસિંહ સુમનભાઈ ભાભોર પૂર્વ કેન્દ્રીય મંત્રીશ્રી તથા સાંસદ સભ્યશ્રી દાહોદની સુપુત્રી નિકિતબેનના લગ્ન સમારોહમાં કેબિનેટ આદિજાતિ વિકાસ પ્રાથમિક માધ્યમિક અને પ્રોઢ શિક્ષણ મંત્રી પ્રોફેસર ડો. કુબેરભાઈ ડિંડોર સાહેબ તેમજ ગુજરાતના મહામહિમ રાજ્યપાલ શ્રી આચાર્ય દેવરતજી ગુજરાતના મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલ સાહેબ તથા મંત્રી શ્રી બચુભાઈ ખાબડ જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રી કરણભાઈ ડામોર ધારાસભ્ય શ્રી શૈલેષભાઈ ભાભોર આ પ્રસંગે ઉપસ્થિત રહી પ્રભુતામાં પગલાં પાડનાર વહાલ સોઈ દીકરી ચિ. નિકિતાબેનને આશીર્વાદ આપ્યા હતા.

# ઝાલોદ તાલુકાના ખેડા ગામમાં ટ્રેક્ટર પલ્ટી ખાતાં ચાલકનું મૃત્યુ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૨૯ ।

ઝાલોદ તાલુકાના ખેડા ગામના વતની વિનેશ બીજીયા ગરાસિયા તારીખ ૨૭-૦૧-૨૦૨૪ શનિવારના રોજ આસરે બપોરે ત્રણ વાગે બહાદુર સરદાર ઢોલીના ઘરે થી ટ્રેક્ટર જેનો નંબર **GJ-20-AH-2488** સાથે ભરેલા પાણીનું ટેક્ર જોડી ખેડા ગામના ઉપલા ફળિયામા નાળાનું કામ ચાલતું હતું ત્યારથી જઈ રહેલ હતા ત્યાં ખેતરના સેઢા ઉપરથી ટ્રેક્ટર લઈ જતા હતા તે દરમ્યાન ટ્રેક્ટર એકાએક પલટી ખાઈ ગયેલ હતું. આ ટ્રેક્ટર પલ્ટી ખાઈ જતાં ટ્રેક્ટરના ચાલક વિનેશભાઈ ટ્રેક્ટર નીચે દબાઈ જતાં તેમના શરીરે ઈજાઓ થયેલ હતી તેથી તેમના પરિવારજનો દ્વારા તેમને સારવાર અર્થે ઝાલોદ સરકારી હોસ્પિટલ લાવવામાં આવેલ હતા. ત્યાં સારવાર દરમિયાન ઈજાગ્રસ્ત ટ્રેક્ટર ચાલકનું મોત થયેલ હતું.



તસ્વીર : ભરતભાઈ પંડ્યા, દિવડા કોલોની

આજરોજ જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ લુણાવાડા અને તાલુકા કાનૂની સેવા સત્તા મંડળ કડાણા ના સંયુક્ત ઉપક્રમે રાષ્ટ્રીય બાલિકા દિવસ હોવાના પરિણામે જ્ઞાનમંજરી વિદ્યાપીઠ ડાયાપુર મુકામે ડોક્ટર હરીશભાઈ જોશી દ્વારા કાનૂની શિક્ષણ શિબિર નું આયોજન કરવામાં આવ્યું જેમાં શાળાના પ્રિન્સિપાલ ધર્મેશભાઈ પટેલ રાજુભાઈ પટેલ તથા શાળાના શિક્ષકો અને છ થી આઠ ના ૮૫ જેટલા બાળકો હાજર રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો શ્રી જોશી એ બાળ કાયદા સરકારી લાભો અને પોક્સો અંગેની માહિતી આપી બાળકોને માહિતગાર કર્યા હતા આભાર વિધિ રાજુભાઈ પટેલ સાહેબે કરી હતી.

# ૭૫ માં પ્રજાસત્તાક દિન નિમિત્તે ફુલપુરા કલસ્ટરમાં શિક્ષણ ક્ષેત્રે શ્રેષ્ઠ કામગીરી બદલ શિક્ષકનું સન્માન કરાયું



તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૨૯ ।

ગુજરાત રાજ્યના શિક્ષણ વિભાગ દ્વારા શિક્ષણની ગુણવત્તા સુધારણા સંદર્ભે દરેક સત્રમાં કલસ્ટર દીઠ શૈક્ષણિક કાર્ય, શાળાકીય સહઅભ્યાસિક પ્રવૃત્તિ, નાવીન્યપૂર્ણ પ્રયોગો, સામાજિક ક્ષેત્ર વગેરેમાં ઉત્સાહપૂર્વક સક્રિય યોગદાન આપેલ શિક્ષકોને પ્રમાણપત્ર આપી બિરદાવવામાં આવે છે. ત્યારે ઝાલોદ તાલુકાની ફુલપુરા મુખ્ય પ્રાથમિક શાળામાં ગણતંત્ર દિન નિમિત્તે ઉચ્ચ પ્રાથમિક વિભાગમાં મદદનીશ શિક્ષક તરીકે ફરજ બજાવતા કુરેશી સોએબમહંમદ યુસુફભાઈને શિક્ષણ વિભાગ દ્વારા ઉત્કૃષ્ટ કાર્ય બદલ શાળાના આચાર્ય અને ગામના સરપંચશ્રીએ પ્રમાણપત્ર અને પુષ્પગુચ્છ આપી સન્માનિત કર્યા.

# થાળા લીમડી પ્રા. શાળામાં પ્રજાસતાક પર્વની ઉજવણીમાં બાળકો માટે ઇનામોનો વરસાદ થયો



તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૨૯ ।

થાળા (લીમડી) પ્રા.શાળામાં ૭૫ માં પ્રજાસતાક પર્વની ઉજવણીમાં બાળકો માટે ગામના સરપંચ તરફથી શાળાના બાળકોને ૫૦ ટીશર્ટ અને ૫૦ લોવર ભેટમાં આપવામાં આવ્યા હતા તેની સાથે ખેલ મહાકુંભમાં પહેલો નંબર મેળવનાર બાળકોને ટ્રેકશૂટ બીજા નંબર વાળા બાળકોને લોવર અને ત્રીજા નંબરવાળા બાળકોને ટીશર્ટ એમ મળીને કુલ ૩૫,૦૦૦ હજાર રૂપિયાની વસ્તુઓ ઈનામમાં આપી હતી અને ગામનાં પ્રથમ નાગરિક તરીકેની ફરજ અદા કરી હતી બાળકોને પ્રોત્સાહન મળી રહે તે હેતુથી શરદભાઈ ડામોર તરફની આ તમામ બાળકોને એક ફૂલ સ્કેપ ચોપડો અને બોલપેન આપવામાં આવી હતી સુમિત્રાબેન તરફથી ૧૦૦૧/-, વિનેશભાઈ નિનામા તરફથી ૧૦૦૧/- અને શાળાના શિક્ષક કેતનભાઈ તરફથી ૫૦૧/- ઈનામ આપવામાં આવ્યુ હતું. ગામના વાલીઓ અને અગ્રગણીઓ શાળામાં સાંસકૃતિક પ્રોગ્રામ જોઈને ખુબ મજા લીધી હતી.

# ઝાલોદ બસ સ્ટેન્ડની અંદર સી.સી.ટી.વી કેમેરાના અભાવે ચોરીના વધતા બનાવો : દાહોદ જતી મહિલા ચોરીનો ભોગ બની

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૨૯ ।

ઝાલોદ બસ સ્ટેન્ડ વિસ્તારની અંદર સી.સી. ટી.વી કેમેરા છે તો ખરા પણ આખાં બસ સ્ટેશન વિસ્તારને કવર નથી કરી શકવાના લીધે ચોરોને મોકળું મેદાન મળેલ હોય તેમ લાગી રહેલ છે. બસ સ્ટેન્ડ વિસ્તારમાં સી.સી.ટી.વી કેમેરા બધાં વિસ્તારને કવર ન કરી શકતા ચોરો પોતાનું કૌવત અજમાવવામાં સફળ થતાં જોવા મળે છે. નાની નાની ચોરી કે કોઈ પર્સ ચોરાવાની ઘટના અવાર નવાર બનતી જોવા મળે છે પણ નાની રકમ હોય તો ફક્ત ચોરીનો ભોગ બનનાર વ્યક્તિ મૌખિક રીતે ડેપો મેનેજરની ઓફિસ પર આપવીતી કહી જતી રહે છે.

ઝાલોદ બસ સ્ટેન્ડ વિસ્તારમાં પોલિસ ચોકી મુકવામાં આવેલ છે પરંતુ પોલિસ ચોકીનો ઉપયોગ ફક્ત અહીંયાં ફરજ બજાવનાર પોલિસ કર્મચારી હાજરી પુરાવા જ કરી રહ્યા છે તેવું લોકમુખે વિસ્તારમાં ચર્ચાઈ રહેલ છે. અમુક લોકો તો વાતો કરતા એટલે સીધી કહે છે કે બસ સ્ટેન્ડ અંદર ફરજ બજાવતા પોલિસ કર્મચારીઓ બસમાં ચઢતા મુસાફરો પર કે અવરજવર કરતા અજાણ્યા લોકો પર કોઈ ધ્યાન આપતા નથી તેથી ચોરીના બનાવ વધુ બને છે. પોલિસ કર્મચારી જો સતર્ક ભૂમિકા ભજવે તો ચોરી થવી સંભવ નથી તેમજ કાયમ બસ સ્ટેન્ડની અંદર અવરજવર કરતા અજાણ્યા લોકો પર સકંજો કસવામા આવે તો ચોક્કસ મુસાફરો સાથે થતી ચોરીની ઘટના નિવારી શકાય છે.

ઝાલોદ બસ સ્ટેન્ડ વિસ્તારમાં અંદાજીત બપોરે એક વાગ્યાના અરસામાં એક મહિલા દાહોદ જવા ઉભેલ હતી તે દરમ્યાન તે મહિલા ચોરીનો ભોગ બની હતી. સાંભળવા મળવાં મુજબ તે મહિલા પાસે થી કુલ ૧૫૦૦૦૦ રૂપિયાનો મુદ્દામાલ ચોરાયો હતો. આ મહિલા પાસેથી કેવી રીતે શું ઘટના બની તે હજુ જાણી શકાયુ નથી. પણ ચોરીની ઘટના બનતા પોલિસ તાત્કાલીક ઘટના સ્થળે આવી ગઈ હતી અને તાત્કાલિક સી.સી. ટી.વી કેમેરા તેમજ અન્ય સોર્સ દ્વારા આગળની તપાસ હાથ ધરી હતી.

# ન્યુ પાર્થ એકલવ્ય તાલીમ વર્ગના સંચાલકની દિકરીના જન્મ દિવસની ઉજવણી શૈક્ષણિક કીટ આપીને ઉજવવામાં આવી

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૨૯ ।



સંજેલી તાલુકામાં આવેલ જય અંબે એજ્યુકેશન ચેરીટેબલ ટ્રસ્ટ પ્રેરિત ન્યુ પાર્થ એકલવ્ય તાલીમ વર્ગ કાર્યરત છે. જેમાં એકલવ્ય પ્રવેશ પરીક્ષા, કોમન પ્રવેશ પરીક્ષાની તૈયારી કરાવવામાં આવે છે સાથે સાથે અનાથ, અપંગ અને અતિગરીબ બાળકોને વિનામૂલ્યે માર્ગદર્શન અને તાલીમ આપવામાં આવે છે. જય અંબે એજ્યુકેશન ચેરીટેબલ ટ્રસ્ટના પ્રમુખશ્રી અને ન્યુ પાર્થ એકલવ્ય તાલીમ વર્ગ સંજેલી - મોરા - સુખસર તાલીમ વર્ગના સંચાલક ની દીકરી મકવાણા પ્રિયાબેન (પિયુ) ની જન્મ દિવસ હોવાથી જરૂરિયાત મંદ બાળકોને શૈક્ષણિક કીટ પુસ્તકો, નોટબુક, પેન, પેન્સિલ આપીને ઉજવવામાં આવી હતી. દાદા - દાદી, માતા - પિતા નું અને સમાજનું નામ મોટી થઈને રોશન કરે તેવા આશીર્વચન પાઠવ્યા હતા.

# અર્ચના વિદ્યા નિકેતન શાળાની દિકરીઓએ રાષ્ટ્રીય સ્તરે કરાટેમાં મેળવી સિદ્ધિઓ



। સુરત, તા.૨૯ ।

કમલપાર્ક, કુબેરનગર કોર્નર પાસે, વરાછા, સુરત સ્થિત અર્ચના વિદ્યા નિકેતન શાળાની વિદ્યાર્થીનીઓએ મેળવ્યા ચાર મેડલ. **NSKA** નેશનલ શોટોકમ કરાટે ચેમ્પિયનશિપ ૨૦૨૪ દ્વારા આણંદ ગુજરાતમાં રાષ્ટ્ર કક્ષાની કરાટે સ્પર્ધાનું આયોજન થયેલું. જેમાં ગુજરાત, ગોવા, આંધ્રપ્રદેશ, મહારાષ્ટ્ર વગેરે અલગ અલગ રાજ્યોમાંથી ૮૦૦ જેટલા વિદ્યાર્થીઓએ આ સ્પર્ધામાં ભાગ લીધો હતો. જેમાં અર્ચના વિદ્યા નિકેતન શાળાની વિદ્યાર્થીની હડિયા દ્રષ્ટિ ગોલ્ડ મેડલ, જાખડ આરજુ સિલ્વર મેડલ અને સાહુ મેનિકા તેમજ વાળા કાવ્યા બ્રોન્ઝ મેડલ વિજેતા બની હતી.

કરાટે કોચ સંજય મોરે દ્વારા યોગ્ય માર્ગદર્શનના કારણે આ ચાર દિકરીઓ મેડલ વિજેતા બની શાળા પરિવાર અને પોતાના પરિવારનું ગૌરવ વધારેલ છે. શાળાના પ્રમુખ ડૉ ધીરજલાલ પરડવા, નિયામક ડૉ. ચંદુભાઈ ભાલીયા, આચાર્ય રજીતા તુમ્મા અને શાળા પરિવારે આ દિકરીઓને ખુબ ખુબ શુભેચ્છાઓ પાઠવી અને આવનાર સમયમાં આંતરરાષ્ટ્રિય સ્તરે જ્વલંત સફળતા મેળવે તેવી શુભકામનાઓ પાઠવી.

# ભારતમાં પ્રથમ વખત : બુલેટ ટ્રેન પ્રોજેક્ટમાં પ્રારંભિક ધરતીકંપની તપાસ પ્રણાલી' માટે ૨૮ સિસ્મોમીટર

। નવી દિલ્હી, તા.૨૯ ।

ભૂકંપ દરમિયાન મુસાફરોની સલામતી અને મહત્વપૂર્ણ માળખાગત સુવિધાઓ સુનિશ્ચિત કરવા માટે બુલેટ ટ્રેન પ્રોજેક્ટ (મુંબઈ-અમદાવાદ હાઈ-સ્પીડ રેલ કોરિડોર) માટે અઠ્ઠાવીસ (૨૮) સિસ્મોમીટર લગાવવામાં આવશે.

જાપાની શિંકનસેન ટેકનોલોજી પર આધારિત આ પ્રારંભિક ભૂકંપ શોધ પ્રણાલી પ્રાથમિક તરંગો દ્વારા ધરતીકંપ - પ્રેરિત આંચકાઓને શોધી કાઢશે અને ઓટોમેટિક પાવર શટડાઉનને સક્ષમ બનાવશે. જ્યારે વીજ શટડાઉનની જાણ થશે ત્યારે આકસ્મિત બ્રેક્સ સક્રિય કરવામાં આવશે અને અસરગ્રસ્ત વિસ્તારમાં દોડતી ટ્રેનો બંધ થઈ જશે.

૨૮ સિસ્મોમીટરમાંથી ૨૨ સિસ્મોમીટરને એલાઈનમેન્ટ સાથે ઈન્સ્ટોલ કરવામાં આવશે. આઠ મહારાષ્ટ્રમાં હશે – મુંબઈ, થાણે, વિરાર અને બોઈસર - અને ચૌદ ગુજરાતમાં હશે – વાપી, બીલીમોરા, સુરત, ભરૂચ, વડોદરા, આણંદ, મહેમદાવાદ અને અમદાવાદ. સિસ્મોમીટર્સ ટ્રેક્શન સબ-સ્ટેશનો અને એલાઇનમેન્ટની સાથે સ્વિચિંગ પોસ્ટ્સમાં સ્થાપિત કરવામાં આવશે.

બાકીના છ સિસ્મોમીટર (જેને આંતરિક સિસ્મોમીટર તરીકે ઓળખવામાં આવે છે) નજીકના ધરતીકંપની શક્યતા ધરાવતા વિસ્તારો - મહારાષ્ટ્રના ઘેડ, રત્નાગિરિ, લાતુર અને પાંગરી અને ગુજરાતના આડેસર અને જૂના ભુજમાં સ્થાપિત કરવામાં આવશે. એમએએચએસઆર ગોઠવણીની નજીકના વિસ્તારો, જ્યાં છેલ્લા ૧૦૦ વર્ષોમાં ૫.૫ થી વધુ તીવ્રતાના ધરતીકંપો આવ્યા છે, ત્યાં જાપાનના નિષ્ણાતો દ્વારા સર્વેક્ષણ કરવામાં આવ્યું હતું. સૂક્ષ્મ કંપન પરીક્ષણ દ્વારા વિગતવાર સર્વેક્ષણ અને માટીની યોગ્યતાના અભ્યાસ પછી, ઉપરોક્ત સ્થળોની પસંદગી કરવામાં આવી હતી.

# ૭૫મા પ્રજાસત્તાક પર્વની રાજ્યકક્ષાની જૂનાગઢમાં આન-બાન-શાન સાથે ઉજવણી

। જૂનાગઢ, તા.૨૯ ।

સિંહ, સંતો અને શૂરાઓની ભૂમિ એવા ગરવા ગિરનારની ગોદમાં જૂનાગઢમાં પોલીસ તાલીમ મહાવિદ્યાલયના ગ્રાઉન્ડમાં ૭૫મા પ્રજાસત્તાક પર્વની રાજ્યકક્ષાની આન-બાન-શાન સાથે ઉજવણી કરવામાં આવી હતી.

રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતે રાષ્ટ્રધ્વજ ફરકાવીને સલામી આપી હતી. આ તકે વાયુદળના બે હેલિકોપ્ટર દ્વારા ધ્વજવંદન સમયે પુષ્પવર્ષા કરીને તિરંગાને વિશેષ સન્માન આપવામાં આવ્યું હતું. ધ્વજને સલામી બાદ રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ સાથે પરેડ નિરીક્ષણ કર્યુ હતું. આ તકે વોલિ ફાયરિંગ તેમજ આકાશમાં બલૂન છોડીને હર્ષ ધ્વનિ કરવામાં આવ્યો હતો. હાલ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં દેશે અમૃતકાળમાં પ્રવેશ કર્યો છે, ત્યારે આજે આઝાદીની કાળના મહત્વ પૂર્વ સ્થળ એવા જૂનાગઢ ખાતે વિવિધ ૨૫ પ્લાટૂનના જવાનોએ શિસ્તબદ્ધ પરેડ દ્વારા તિરંગાને સલામી આપી હતી.

# આજનું રાશિ ભવિષ્ય.....



**મેષ (અ,લ,ઇ) :**

આજના દિવસે ઘરની બહારની પ્રવૃત્તિઓ આજે થકવનારી તથા તાણયુક્ત હશે. વેપાર માં ફાયદો આજે ઘણા વેપારીઓ ના ચહેરા પાર સ્મિત લાવી શકે છે. તમારી પત્ની સાથે પિકનિક પર જવા માટે ખૂબ જ સારો દિવસ. આ બાબત ન માત્ર તમારો મૂજ બદલશે બલ્કે તમારા વચ્ચેની ગેરસમજ ઉકેલવામા પણ મદદ કરશેં. તમારી વાત સાચી સાબિત કરવા માટે તમે આજ ના દિવસે તમારા જીવનસાથી સાથે ઝઘડો કરી શકો છો.



**વૃષભ (બ,વ,ઉ) :**

આજના દિવસે શારીરિક લાભ અને ખાસ કરીને માનસિક દઢતા માટે ધ્યાન અને યોગ કરવાનું શરૂ કરો. જે લોકોએ લોન લીધું હતું તે લોકો ને લોન ની રાશિ ચૂકવવા માં સમસ્યાઓ આવી શકે છે. મહેમાનો તમારા ઘરની મુલાકાત લેશે જેને કારણે તમારો દિવસ સુંદર અને અદભુત બની જશે. તમારો સનાતન પ્રેમ તમારા પ્રિયપાત્ર માટે નદી સમાન છો.



**મિથુન (ક,છ,ઘ) :**

આજના દિવસે પ્રશંસા કરીને તમને અન્યોની ખુશીનો આનંદ લો એવી શક્યતા છે. આજે ધન લાભ થવાની શક્યતા તો છેજ પરંતુ એવું પણ થયી શકે છે કે પોતાના ગુસ્સેલ સ્વભાવ ના લીધે તમે પૈસા કમાવા માં સક્ષમ ના થયી શકો. તમારી મોહિની તથા વ્યક્તિત્વ તમને નવા મિત્રો બનાવવામાં મદદ કરશે. તમારા પ્રિયપાત્રની વફાદારી પર શંકા ન કરતા.



**કર્ક (ડ,હ) :**

આજના દિવસે મિત્રો તમારો પરિચય કોઈક ખાસ વ્યક્તિ સાથે કરાવશેજે તમારા વિચારો પર નોંધપાત્ર અસર છોડશે. ધન ની આવક તમને આજે ઘણી આર્થિક મુશ્કેલીઓ થી દૂર કરી શકે છે. તમારી માટે એ સમજવાનો સમય આવી ગયો છે કે ગુસ્સોએ ટૂંકા ગાળાનું ગાંડપણ છે અને તે તમને મુશ્કેલીમાં મુકી શકે છે. ગર્લફ્રેન્ડ કદાચ તમને છેતરશે.



**સિંહ (મ,ટ) :**

આજના દિવસે મુશ્કેલીઓ પર નિવાસ કરવાની તથા તેને એનેકગણી વધારવાની તમારી ટેવ તમારા નૈતિક તંતુને નબળો પાડી શકે છે. એમ પોતાના પૈસા બીજા કોઈને આપવું કોઈને ગમતું નથી છતાંય તમે આજે કોઈ જરૂરિયાતમંદ ને પૈસા આપી શાંતિ નો અનુભવ કરશો? સામાજિક કાર્યક્રમો વગદાર તથા મહત્વના લોકો સાથે સંબંધ સુધારવા માટેની શ્રેષ્ઠ તક સાબિત થશે.



**કન્યા (પ,ઠ,ણ) :**

આજના દિવસે બાળકો તમારી સાંજને આહલાદક બનાવી દેશે. દોડધામભર્યા અને નીરસ દિવસની અલવિદા કહેવા એક સારા ડીનરનું આયોજન કરો. તેમનો સાથ તેમારા શરીરમાં નવું જોમ ભરી દેશે. જો ભવિષ્ય માં તમારે નાણાકીય રીતે મજબૂત થવું છે તો આજ થીજ ધન ની બચત કરો. તમારા ઉદાર વર્તનનો લાભ તમારા બાળકોને ન લેવા દો.



**તુલા (ર,ત) :**

આજના દિવસે તમારા સ્વાસ્થ્ય માટે લાંબી વૉક પર જાવ. આજે તમને ધન સંબંધી કોઈ સમસ્યા આવી શકે છે જે ને ઉકેલવા માટે તમે પોતાના પિતા અથવા પિતાતુલ્ય માણસ થી સલાહ લઈ શકો છો પરિવારમાં કોઈ મહિલા સભ્યની તબિયત ચિંતાનું કારણ બનશે. તમારે તમારા સાથી પર ઈમોશનલ બ્લૅકમૅલનો ઉપયોગ કરવાનું ટાળવું જોઈએ.



**વૃશ્ચિક (ન,ય) :**

આજના દિવસે લાંબી મુસાફરી ટાળજો કેમ કે મુસાફરી માટે તમે ખૂબ નબળા છો. આજે કોઈ વિપરીત લિંગી ની મદદ થી તમને નોકરી અથવા વેપાર માં આર્થિક લાભ થવા ની શક્યતા છે. પરિવારના સભ્યોની જરૂરિયાતોને પ્રાથમિકતા આપજો. તેમના સુખ-દુઃખમાં સહભાગી થાવ જેથી તેમને અનુભૂતિ થાય કે તમને તેમની પરવા છે. હિંમત હારતા નહીં-નિષ્ફળતા કુદરતી બાબત છે.



**ધન (ભ,ધ,ફ) :**

આજના દિવસે વધુ પડતી ચિંતા તથા તાણ હાઈપર-ટેન્શનનું કારણ બની શકે છે. તમે જાણો છો એવા લોકો દ્વારા આવકનો નવો સ્રોત ઊભો થશે. તમને તરત જરૂર ન હોય તેવી ચીજો પર જો તમે નાણાં ખર્ચશો તો તમે તમારા જીવનસાથીને નારાજ કરશો. તમારી આંખો એટલી તેજસ્વી છે કે તમારા પ્રિયપાત્રની અંધકારમય રાતોને તે ઝળહળતી કરી શકે છે.



**મકર (ખ,જ) :**

આજના દિવસે તમારી હતાશાની લાગણીને તમારા પર કાબૂ મેળવવા દેતા નહીં. ભાઈ બહેનો ની મદદ થી આજે તમને આર્થિક લાભ મળી શકશે? પોતાના ભાઈ બહેનો ની સલાહ લો. તમારી મોહિની તથા વ્યક્તિત્વ તમને નવા મિત્રો બનાવવામાં મદદ કરશે. રૉમેન્ટિક પગલાં કામ નહીં આવે. સહકર્મચારીઓ સાથે કામ પાર પાડતી વખતે કુનેહની જરૂર પડશે.



**કુંભ (ગ,શ,સ) :**

આજના દિવસે તમારૂં મોહિત કરનારૂં વર્તન ધ્યાન આકર્ષિત કરશે. આજે તમને પોતાની સંતાન દ્વારા ધન લાભ થવા ની શક્યતા દેખાય છે અને તમને આના દ્વારા ખુશી થશે. તમારો વિનોદી સ્વભાવ તમને સામાજિક મેળાવડાઓમાં લોકપ્રિય બનાવશે. આજે પ્રેમના અતિઆનંદમાં તમારાં સપનાં અને વાસ્તવિકતા એકમેકમાં ભળી જશે.



**મીન (દ,ચ,ઝ,થ) :**

આજના દિવસે ઝળહળતો અને ખડખડાટ હાસ્યથી ભરેલો દિવસ જ્યારે મોટા ભાગની ઘટનાઓ તમારી ધારણા મુજબ આકાર લેશે. આ રાશિ ના અમુક લોકો ને પોતાના સંતાન થી આર્થિક લાભ થવા ની શક્યતા છે. આજે તમને પોતાના સંતાન પર ગર્વ અનુભવ થશે. તમારી મહત્વાકાંક્ષા વિશે તમારા માતા-પિતા સામે રહસ્યોદ્ઘાટન માટે સારો સમય.

અંડર-૧૯ વર્લ્ડ કપમાં ભારતનો શાનદાર દેખાવ

# એક ગ્રુપમાં હોવા છતાં સુપર-૬માં ભારત-પાક.ની ટક્કર નહીં થાય

**ટૂર્નામેન્ટના નિયમો મુજબ ગ્રૂપ સ્ટેજમાં ટોપ પર રહેનારી ટીમો સુપર-૬ રાઉન્ડમાં એકબીજાનો સામનો કરશે નહીં**



। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૯ ।
સાઉથ આફ્રિકામાં અંડર-૧૯ વર્લ્ડ કપ ૨૦૨૪ રમાઈ રહી છે. ભારતીય ટીમનું પ્રદર્શન ટુર્નામેન્ટમાં અત્યાર સુધી શાનદાર રહ્યું છે. ભારતીય ટીમ સુપર-૬માં પહોંચી ચુકી છે. ભારત સાથે આ સુપર-૬ ગ્રુપમાં પાકિસ્તાન પણ છે. ક્રિકેટ ચાહકોને આશા છે કે તેમને ભારત અને પાકિસ્તાન વચ્ચે મહા મુકાબલો જોવા મળશે. પરંતુ જણાવી દઈએ કે હાલ તે સંભવ નથી. ભારત અને પાકિસ્તાન એક ગ્રૂપમાં હોવા છતાં સુપર-૬ રાઉન્ડમાં એકબીજા સામે ટકરાશે નહીં. અંડર-૧૯ વર્લ્ડકપ ૨૦૨૪ના ગ્રુપ સ્ટેજ પછી ભારત અને પાકિસ્તાનની ટીમો સુપર-૬ રાઉન્ડ માટે ગ્રૂપ-૧નો ભાગ છે. ભારતીય ટીમ ગ્રૂપ સ્ટેજ દરમિયાન ગ્રૂપ-એમાં હતી. જ્યારે પાકિસ્તાનની ટીમ ગ્રૂપ-ડીમાં હતી. બંને ટીમો પોતપોતાના ગ્રૂપમાં ટોપ પર રહી હતી. દરેક ગ્રૂપની ટોપ-૩ ટીમોએ સુપર-૬ રાઉન્ડમાં પ્રવેશ કર્યો હતો. આ રીતે ગ્રૂપ-એઅને ગ્રૂપ-ડીની ટીમોને સુપર-૬ના ગ્રૂપ-૧માં સ્થાન મળ્યું છે. જ્યારે ગ્રૂપ-બીઅને ગ્રૂપ-સીની ટીમો સુપર-૬માં ગ્રૂપ-૨નો ભાગ બની હતી. ટૂર્નામેન્ટના નિયમો મુજબ ગ્રૂપ સ્ટેજમાં ટોપ પર રહેનારી ટીમો સુપર-૬ રાઉન્ડમાં એકબીજાનો સામનો કરશે નહીં. ભારત અને પાકિસ્તાન બંને પોતાના ગ્રૂપમાં ટોપ પર રહ્યા હતા. આ કારણોસર બંને સુપર-૬ રાઉન્ડમાં એકબીજા સાથે ટકરાશે નહીં. આ સિવાય સુપર-૬ રાઉન્ડમાં કોઈપણ ટીમ પોતાના ગ્રૂપની ટીમ સામે ટકરાશે નહીં. આ રીતે ગ્રૂપમાં માત્ર બે ટીમો બાકી છે, જેની સામે કોઈપણ ટીમ ટકરાશે. જેમ કે ભારત ગ્રૂપ-ડીની બીજા અને ત્રીજા સ્થાને રહેલી ટીમો સામે રમશે. એટલે કે તેનો મુકાબલો ન્યુઝીલેન્ડ અને નેપાળ સાથે થશે.

# ટીમ ઈન્ડિયાના કોચએ પ્રથમ ટેસ્ટ મેચમાં ભારતની હારનું કારણ જણાવ્યું

**હૈદરાબાદમાં રમાયેલી ઈંગ્લેન્ડ-ઇન્ડિયા પ્રથમ ટેસ્ટ મેચમાં ભારતીય ક્રિકેટ ટીમ હારી હતી**

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૯ ।
હૈદરાબાદમાં રમાયેલી પ્રથમ ટેસ્ટ મેચમાં ઈંગ્લેન્ડ ક્રિકેટ ટીમે ટીમ ઈન્ડિયાને રોમાંચક મેચમાં હરાવ્યું હતું. ટીમ ઈન્ડિયાનો પ્રથમ દાવમાં દબદબો હતો. પરંતુ તે પછી ઈંગ્લેન્ડે પહેલા તેની બેટિંગ અને પછી તેની બોલિંગથી મેચનો પલટો કર્યો અને પ્રથમ ટેસ્ટ મેચમાં ભારતને ૨૮ રનથી હરાવ્યું. હવે ટીમના કોચ રાહુલ દ્રવિડે જણાવ્યું કે ટીમ ઈન્ડિયાની ક્યાં કમી હતી જેના કારણે હારનો સામનો કરવો પડ્યો હતો. પ્રથમ બેટિંગ કરતા ઈંગ્લેન્ડની ટીમ ૨૪૬ રન બનાવી શકી. જવાબમાં ભારતે પ્રથમ ઈનિંગમાં ૪૩૬ રન બનાવ્યા. અહીં મેચ ટીમ ઈન્ડિયાના કબજામાં હતી. પરંતુ પછી ઈંગ્લેન્ડના બેટ્સમેનોએ બીજી ઈનિંગમાં ૪૨૦ રન બનાવ્યા. ટીમ ઈન્ડિયાને ૨૩૧ રનનો ટાર્ગેટ મળ્યો. ટાર્ગેટ ઓછો હતો પરંતુ ઈંગ્લેન્ડના બોલરોની શાનદાર બોલિંગ અને ભારતીય બેટ્સમેનોની ભૂલોના કારણે ટીમ ઈન્ડિયા બીજી ઈનિંગમાં ૨૦૨ રનમાં ઓલઆઉટ થઈ ગઈ અને ચોથા દિવસે જ ઈંગ્લેન્ડે મેચ જીતી લીધી. મેચ બાદ પ્રેસ કોન્ફરન્સમાં આવેલા કોચ રાહુલ દ્રવિડે આ હાર માટે પોતાના બેટ્સમેનોને જવાબદાર ગણાવ્યા હતા. તેમણે કહ્યું હતું કે ટીમના કોઈપણ બેટ્સમેન સદી ફટકારી શક્યા નહીં. ટીમને કોઈ એક બેટ્સમેનની મોટી ઈનિંગની જરૂર હતી. ત્રણ બેટ્સમેનો ૭૦-૮૦ રનની ઈનિંગને મોટી ઈનિંગ્સમાં પરિવર્તિત કરી શક્યા નહીં. બીજી ઈનિંગમાં ૨૩૦ રનનો ટાર્ગેટ ચેઝ કરવો મુશ્કેલ છે. ભારતના ત્રણ બેટ્સમેન પ્રથમ દાવમાં સદી ફટકારવામાં ચૂકી ગયા હતા. ઓપનિંગ બેટ્સમેન યશસ્વી જયસ્વાલ ૮૦ રન બનાવીને આઉટ થયો હતો. ત્યારપછી એવું લાગતું હતું કે કેએલ રાહુલ સદી ફટકારશે પરંતુ તે પણ પોતાની ઈનિંગને ૮૬ રનથી આગળ લઈ શક્યો નહીં. રવીન્દ્ર જાડેજાએ નીચલા ક્રમમાં ઉતરી જોરદાર ઈનિંગ રમી હતી. જોકે જાડેજા પણ ૮૭ રને આઉટ થયો હતો. ઈંગ્લેન્ડ વતી ઓલી પોપે બીજી ઈનિંગમાં ૧૯૬ રનની ઈનિંગ રમી, જેના કારણે ઈંગ્લેન્ડે આ મેચમાં પુનરાગમન કર્યું અને ભારતને ફરીથી વર્ચસ્વ જમાવવાની તક આપી નહીં. બીજા દાવમાં ઈંગ્લેન્ડના ડાબોડી સ્પિનર ટોમ હાર્ટલીએ સાત વિકેટ ઝડપીને ભારતીય બેટ્સમેનોની કમર તોડી નાખી હતી અને ઈંગ્લેન્ડને જીત તરફ દોરી ગયું હતું. તે પ્લેયર ઓફ ધ મેચ પણ બન્યો હતો. આ ઈનિંગમાં ટીમ ઈન્ડિયાનો કોઈ બેટ્સમેન ફિફ્ટી પણ ફટકારી શક્યો નહોતો.

## ઈંગ્લેન્ડ સામે ટીમ ઈન્ડિયાની હાર પાછળ ૫ કારણો જવાબદાર!

હૈદરાબાદ ટેસ્ટમાં ટીમ ઈન્ડિયાએ જોરદાર શરૂઆત કરી હતી અને ૧૯૦ રનની લીડ પણ મેળવી લીધી હતી. આમ છતાં ટીમ ઈન્ડિયાને મેચના ચોથા દિવસે ૨૮ રનથી હારનો સામનો કરવો પડ્યો હતો. હવે સવાલ એ છે કે ઘરની ધરતી પર આટલો સારો રેકોર્ડ હોવા છતાં ટીમ ઈન્ડિયા આ મેચ કેમ હારી? ટીમ ઈન્ડિયાની ક્યાં ભૂલ થઈ, અને આ હાર માટે જવાબદાર કોણ છે?.. જે વિષે જાણો.. સૌપ્રથમ તો જો એક કારણ કહી શકીએ તો, યુવા ખેલાડીઓનું લડાયક પ્રદર્શન કહી શકાય.. જેની ભારતમાં સફળતા અંગે શંકા હતી, તે 'બેઝબોલ' ક્રિકેટના દમ પર ઈંગ્લેન્ડે ટીમ ઈન્ડિયાને પહેલી ટેસ્ટમાં હરાવ્યું હતું. હૈદરાબાદમાં રમાયેલ પ્રથમ ટેસ્ટ મેચના ચોથા દિવસે ઈંગ્લેન્ડે ટીમ ઈન્ડિયાને પોતાની જ રમતમાં ફસાવીને ૩૦ રનથી જીત મેળવીને શ્રેણીની શાનદાર શરૂઆત કરી હતી. ઓલી પોપની ૧૯૬ રનની શાનદાર ઈનિંગ બાદ ઈંગ્લેન્ડના યુવા સ્પિનર ??ટોપ હાર્ટલીએ ભારતીય ટોપ ઓર્ડરનો નાશ કરીને ઈંગ્લેન્ડને શાનદાર જીત અપાવી હતી. બીજું કારણ એ છે કે મેચ દરમિયાન રમાયેલ પ્રથમ દાવમાં મોટો સ્કોર કરવાની તક ગુમાવી તે હોઈ શકે.. જેમાં ભારતીય ટીમ પાસે ત્રણ દિવસમાં મેચ જીતવાની તક હતી પરંતુ તેમ થયું નહીં. ઈંગ્લેન્ડને ૨૪૬ રનમાં આઉટ કર્યા બાદ ભારતીય ટીમે જોરદાર બેટિંગ કરી હતી પરંતુ કોઈ બેટ્સમેન ઓલી પોપ જેવી મોટી ઈનિંગ રમી શક્યો નહોતો. યશસ્વી, કેએલ રાહુલ અને જાડેજા ૮૦ થી ૯૦ રનની વચ્ચે આઉટ થયા હતા. જો ટીમ ઈન્ડિયાએ પ્રથમ દાવમાં જ ૫૫૦ કે ૬૦૦ રન બનાવ્યા હોત તો કદાચ બીજી ઈનિંગની જરૂર જ ન પડી હોત.

પીટરસને કહ્યું રાહુલ સાથે રહી શીખવાની જરૂર

# ગિલનાં સતત ફ્લોપ શોથી ભડક્યો કેવિન પીટરસન

**સતત ફ્લોપ થઈ રહેલ શુભમન ગિલનું બેટ પ્રથમ દાવમાં સારું પ્રદર્શન કરી શક્યું ન હતું, બીજી ઇનિંગમાં તો ગિલ ડક પર આઉટ થયો હતો**



। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૯ ।
ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે પ્રથમ ટેસ્ટ હૈદરાબાદના મેદાન પર રમાઈ હતી. ભારતે પ્રથમ દાવમાં ૪૩૬ રન બનાવ્યા હતા. પરંતુ સતત ફ્લોપ થઈ રહેલ શુભમન ગિલનું બેટ પ્રથમ દાવમાં સારું પ્રદર્શન કરી શક્યું ન હતું. બીજી ઈનિંગમાં તો ગિલ ડક પર આઉટ થયો હતો અને બીજા જ બોલે વિકેટ ફેંકી દીધી હતી.

ગિલનાં સતત ખરાબ પ્રદર્શનને કારણે ઈંગ્લેન્ડના દિગ્ગજ ખેલાડી કેવિન પીટરસને કહ્યું છે કે ગિલે ભારતીય ક્રિકેટ ટીમનાં કોચ રાહુલ દ્રવિડ સાથે સમય પસાર કરવો જોઈએ. કેવિન પીટરસને Jio સિનેમા પર કહ્યું હતું કે, "શુભમન ગિલ માટે, હું રાહુલ દ્રવિડને તેની સાથે થોડો સમય પસાર કરવા માટે કહીશ. મને ખબર નથી કે તે કેટલું પ્રસારણ જુએ છે. પરંતુ હું કહીશ કે રાહુલે ગિલ સાથે સમય પસાર કરવો જોઈએ અને તેણે મારી સાથે જે રીતે વાત કરી, તેવી જ રીતે તેની સાથે પણ વાત કરવી જોઈએ. તેને ઓફ સાઈડ તરફ જતા બોલની પ્રેક્ટિસ કરાવવાની જરૂર છે અને સ્ટ્રાઈક કેવી રીતે રોટેટ કરવી તે પણ શીખવાની જરૂર છે.ભારતનો સ્ટાર યુવા બેટર શુભમન ગિલ, જેણે ઓપનિંગ છોડીને વેસ્ટ ઈન્ડિઝ સામે ત્રીજા નંબરે બેટિંગ કરવાનો નિર્ણય લીધો હતો, તે આ સિરીઝથી રન બનાવવા માટે ઉત્સુક છે. તેણે ૨૦૨૩માં વેસ્ટ ઈન્ડિઝની ટીમ સામે ત્રણ ઈનિંગમાં ૬, ૧૦ અને અણનમ ૨૯ રનની ઈનિંગ્સ રમી હતી. આ પછી તેણે દક્ષિણ આફ્રિકા સામે ૨, ૨૬, ૩૬ અને ૧૦ રનની ઈનિંગ્સ રમી હતી. હવે તે ઈંગ્લેન્ડ સામેની પ્રથમ ટેસ્ટ મેચની પ્રથમ ઈનિંગમાં ૨૩ રન બનાવી શક્યો હતો અને બીજી ઈનિંગમાં તો ઝીરો પર આઉટ થઈ ગયો હતો.

ગિલે ભારત માટે અત્યાર સુધી ૨૧ ટેસ્ટ મેચોની ૩૮ ઈનિંગમાં ભાગ લીધો છે. આ દરમિયાન તેના બેટથી ૧૦૬૩ રન થયા છે. સરેરાશ ૩૦ની આસપાસ રહી છે અને સ્ટ્રાઈક રેટ ૫૮ રહ્યો છે. સર્વોચ્ચ સ્કોર વિશે વાત કરીએ તો તે ૧૨૮ હતો. જે તેણે ઓસ્ટ્રેલિયા સામે નોંધાવ્યો હતો. ગિલે અત્યાર સુધીમાં ૨ સદી અને ચાર અડધી સદી ફટકારી છે.

હૈદ્રાબાદમાં ઈંગ્લેન્ડ સામેની હારથી ભારતને બેવડો ફટકો

# ટીમ ઈન્ડિયા વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપના પોઈન્ટ ટેબલમાં પાંચમાં સ્થાને પહોંચી

**ઈંગ્લેન્ડ સામેની હાર બાદ પોઈન્ટ ટેબલમાં ભારતની જીતની ટકાવારી ૪૩.૩૩ થઈ ગઈ છે, જે પહેલા ૫૦ હતી**

। (એજન્સી) હૈદ્રાબાદ, તા.૨૯ ।
હૈદરાબાદમાં ઈંગ્લેન્ડ સામેની પ્રથમ ટેસ્ટ મેચ હાર્યા બાદ ભારતીય ટીમને બેવડો ફટકો પડ્યો છે. ભારતીય ટીમ ઈંગ્લેન્ડ સામેની ૫ મેચોની ટેસ્ટ સીરિઝમાં ૦-૧થી પાછળ થઈ ગઈ છે. આ સિવાય તેને વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપના પોઈન્ટ ટેબલમાં ભારે નુકસાન થયું છે. હૈદરાબાદમાં રમાયેલી ટેસ્ટ સીરિઝની પ્રથમ મેચમાં ભારતને ૨૮ રનથી હારનો સામનો કરવો પડ્યો હતો. ઈંગ્લેન્ડ સામે પ્રથમ ટેસ્ટ મેચ હાર્યા બાદ ભારતીય ક્રિકેટ ટીમ વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપના પોઈન્ટ ટેબલમાં પાંચમાં સ્થાને આવી ગઈ છે. આ હાર પહેલા ભારતીય ટીમ બીજા નંબરે હતી. એટલે કે આ હારના કારણે ભારતીય ટીમને ૩ ક્રમનો ભારે નુકસાન થયો છે. પોઈન્ટ ટેબલ પર પાંચમાં સ્થાને પહોંચનાર ભારતીય ટીમ પાસે હવે ૫ ટેસ્ટમાં ૨ જીત, ૨ હાર અને ૧ ડ્રો મેચ છે. ઈંગ્લેન્ડ સામેની હાર બાદ પોઈન્ટ ટેબલમાં ભારતની જીતની ટકાવારી ૪૩.૩૩ થઈ ગઈ છે, જે પહેલા ૫૦ હતી. પોઈન્ટ ટેબલમાં બાંગ્લાદેશની ટીમ ભારતથી ઉપર પહોંચી ગઈ છે.

૫૦૦ ટેસ્ટ વિકેટની નજીક અશ્વિન

# અશ્વિને ટેસ્ટ ક્રિકેટમાં કપિલ દેવના મહારેકોર્ડની કરી બરાબરી

**અશ્વિને ટેસ્ટમાં કોઈપણ બેટ્સમેનને સૌથી વધુ વખત આઉટ કરવાના મામલે કપિલ દેવના ભારતીય રેકોર્ડની બરાબરી કરી**

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૯ ।
ભારતીય ટીમના દિગ્ગજ ઓફ સ્પિનર રવિચંદ્રન અશ્વિને ટેસ્ટ ક્રિકેટમાં ઈતિહાસ રચ્યો છે. રવિચંદ્રન અશ્વિને ટેસ્ટ ક્રિકેટમાં પૂર્વ ભારતીય કેપ્ટન અને મહાન ઓલરાઉન્ડર કપિલ દેવના રેકોર્ડની બરાબરી કરી લીધી છે. રવિચંદ્રન અશ્વિને હૈદરાબાદમાં રમાયેલી પ્રથમ ટેસ્ટ મેચમાં ઈંગ્લેન્ડના કેપ્ટન બેન સ્ટોક્સને આઉટ કરીને એક મોટી સિદ્ધિ હાંસલ કરી છે. હૈદરાબાદ ટેસ્ટ મેચ દરમિયાન ઈંગ્લેન્ડની બીજી ઈનિંગમાં રવિચંદ્રન અશ્વિને બેન સ્ટોક્સને ૬ રનના અંગત સ્કોર પર પેવેલિયન પરત મોકલી દીધો હતો.

બેન સ્ટોક્સ ૩૩ બોલમાં ૮ રન બનાવીને રવિચંદ્રન અશ્વિનના હાથે બોલ્ડ થયો હતો. ટેસ્ટ ક્રિકેટમાં આ ૧૨મી વખત છે જ્યારે રવિચંદ્રન અશ્વિને બેન સ્ટોક્સને આઉટ કર્યો હોય. આ કરીને રવિચંદ્રન અશ્વિને ટેસ્ટ ક્રિકેટમાં કોઈપણ બેટ્સમેનને સૌથી વધુ વખત આઉટ કરવાના મામલે કપિલ દેવના ભારતીય રેકોર્ડની બરાબરી કરી લીધી છે. પૂર્વ ભારતીય કેપ્ટન કપિલ દેવે પાકિસ્તાની ક્રિકેટર મુદસ્સર નઝરને ટેસ્ટમાં ૧૨ વખત આઉટ કર્યા હતા. ટેસ્ટ ક્રિકેટમાં સૌથી વધુ વખત બેટ્સમેનને આઉટ કરવાના મામલે કપિલ દેવ અને રવિચંદ્રન અશ્વિન હવે બરાબરી પર છે. રવિચંદ્રન અશ્વિન ટેસ્ટ ક્રિકેટમાં ૫૦૦ વિકેટ લેવાની ખૂબ નજીક છે. અનુભવી સ્પિનર રવિચંદ્રન અશ્વિન આ મહાન રેકોર્ડ બનાવવાથી માત્ર ૫ વિકેટ દૂર છે. તમને જણાવી દઈએ કે રવિચંદ્રન અશ્વિને અત્યાર સુધી ટેસ્ટ ક્રિકેટમાં ભારત માટે ૧૮૧ ટેસ્ટ ઈનિંગ્સમાં ૪૯૫ વિકેટ લીધી છે.

ઈંગ્લેન્ડના પૂર્વ સુકાનીનો અભિપ્રાય

# પ્રથમ ટેસ્ટમાં હાર છતાં ભારત ઈંગ્લેન્ડ સામે શ્રેણી વિજયની દાવેદાર : વોન

**મને હજુ પણ લાગે છે કે ભારત સીરિઝ જીતવા માટે પ્રબળ દાવેદાર છે, કારણ કે તે આ હાર પર પ્રતિક્રિયા આપશે : માઈકલ વોન**

। (એજન્સી) હૈદ્રાબાદ, તા.૨૯ ।
હૈદરાબાદમાં ઈંગ્લેન્ડ સામે પ્રથમ ટેસ્ટમાં શરમજનક હાર બાદ પણ ઈંગ્લેન્ડ ક્રિકેટ ટીમના પૂર્વ કેપ્ટન માઈકલ વોનનું માનવું છે કે ભારત આ ૫ મેચની ટેસ્ટ સીરિઝ જીતવા માટે પ્રબળ દાવેદાર છે. ભારતને પ્રથમ ટેસ્ટ મેચમાં ૨૮ રનથી હરાવીને ઈંગ્લેન્ડની ટીમે ૧-૦ની લીડ મેળવી લીધી છે. મેચના પહેલા અઢી દિવસ સુધી મેચ ભારતના નિયંત્રણમાં હતી, પરંતુ પછીના દોઢ દિવસમાં ઈંગ્લેન્ડે એવી રીતે બાજી પલટી કે ભારત સ્તબ્ધ થઈ ગયું. ભારતીય ટીમ પાસે પ્રથમ ઈનિંગ બાદ ૧૯૦ રનની લીડ હોવા છતાં તેને હારનો સામનો કરવો પડ્યો હતો. ભારતીય ટેસ્ટ ક્રિકેટના ઈતિહાસમાં આ પહેલીવાર બન્યું છે કે જ્યારે ભારત પ્રથમ ઈનિંગ બાદ ૧૦૦થી વધુ રનની લીડ હોવા છતાં ઘરઆંગણે હાર્યું હોય. માઈકલ વોને તેના એક કોલમમાં લખ્યું, "મને હજુ પણ લાગે છે કે ભારત સીરિઝ જીતવા માટે પ્રબળ દાવેદાર છે. કારણ કે તે આ હાર પર પ્રતિક્રિયા આપશે. પરંતુ ભારત આ અંગે જાતે અનુમાન લગાવશે કે કેવી પિચ તૈયાર કરવી છે. મને નથી ખબર કે પિચો આનાથી વધારે ટર્ન કઈ રીતે લઈ શકે છે.

વિશેષ

આણંદ ખાતે જિલ્લા વિકાસ સંકલન અને દેખરેખ સમિતિ (દિશા)ની બેઠક મળી

# સરકારી યોજનાઓના લાભ અંત્યોદય સુધી પહોંચાડવાની જવાબદારી સુપેરે નિભાવીએ : સાંસદશ્રી મિતેષભાઇ પટેલ





। (માહિતી) આણંદ ।
સાંસદશ્રી મિતેષભાઈ પટેલના અધ્યક્ષસ્થાને આણંદ સરકીટ હાઉસ ખાતે જિલ્લા વિકાસ સંકલન અને દેખરેખ સમિતિ (દિશા) ની બેઠક મળી હતી.

આ બેઠકમાં સાંસદશ્રી મિતેષભાઈ પટેલે પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના, પ્રધાનમંત્રી આવાસ યોજના, પ્રધાનમંત્રી કૃષિ સિંચાઈ યોજના, જનની સુરક્ષા યોજના, નિશ્ચય પોષણ સહાય યોજના, પ્રધાનમંત્રી માતૃવંદના યોજના, કસ્તુરબા પોષણ સહાય યોજના, બેટી બચાવો - બેટી પઢાઓ, મધ્યાહન ભોજન યોજના, પ્રધાનમંત્રી ઉજજવલા યોજના, સોઈલ હેલ્થ કાર્ડ, પ્રધાનમંત્રી આદર્શ ગ્રામ યોજના, પ્રધાનમંત્રી રોજગાર સર્જન કાર્યક્રમ, સુકન્યા સમૃધ્ધિ યોજના, સાંસદ આદર્શ ગ્રામ યોજના, મનેરેગા, મિશન મંગલમ, દિન દયાલ અંત્યોદય યોજના, પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના, સ્વચ્છ ભારત મિશન જેવી વિવિધ યોજનાઓની કામગીરીની સમીક્ષા કરીને સંબંધિત અધિકારીઓને જરૂરી સુચનો કર્યા હતા. સાંસદશ્રીએ ઉપસ્થિત અધિકારીશ્રીઓને સરકારની કલ્યાણકારી યોજનાના લાભો અંત્યોદય સુધી પહોંચાડવાની જવાબદારીને સુપેરે નિભાવવાની સાથે જિલ્લાના તુટેલા રસ્તાઓને તાત્કાલિક ધોરણે રીપેર કરવા તથા બાકી કામો ઝડપથી શરૂ કરીને સમયમર્યાદામાં પુર્ણ કરવા સુચના આપી હતી. તેમણે જિલ્લામાં પ્રગતિ હેઠળના અને હાથ ધરવા પાત્ર કામો જેવાં કે, રસ્તાઓ, પાણી-પુરવઠા, વીજળી, સફાઈ, બાંધકામ, આવાસ યોજના જેવી વિવિધ બાબતોએ વિસ્તૃત સમીક્ષા કરીને આણંદ જિલ્લામાં વિકસિત ભારત સંકલ્પ યાત્રાને સફળ બનાવવા બદલ સંબંધિત તમામ અધિકારી-કર્મચારીઓને અભિનંદન પાઠવ્યા હતા. બેઠક દરમિયાન જિલ્લા કલેકટરશ્રી પ્રવીણ ચૌધરીએ સાંસદશ્રી દ્વારા સુચવવામાં આવેલ સૂચનોને ધ્યાને લઈ અધિકારીઓને જરૂરી માર્ગદર્શન આપ્યું હતું. બેઠકના પ્રારંભે જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામકશ્રી જે. વી. દેસાઈએ સૌને આવકારી વિવિધ યોજનાઓ હેઠળ કરવામાં આવેલ કામગીરીની વિગતો રજૂ કરી હતી. આ બેઠકમાં નિવાસી અધિક કલેકટરશ્રી આર.એસ.દેસાઈ, ધારાસભ્યશ્રી કમલેશભાઈ પટેલ, પ્રોબેશનરી આઈ.એ.એસ.શ્રી મહેક જૈન, આણંદ નગરપાલિકાના પ્રમુખશ્રી જિગ્નેશભાઈ પટેલ, નાયબ જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ, તાલુકા પંચાયતના પ્રમુખશ્રીઓ, નગરપાલિકાના પ્રમુખશ્રીઓ, ચીફ ઓફિસરશ્રીઓ, તાલુકા વિકાસ અધિકારીશ્રીઓ સહિત જિલ્લાના અમલીકરણ અધિકારીઓ, ઉપસ્થિત રહ્યા હતા.

## બ્લાસ્ટ થવાના કારણે આખો હાઇવે રોડ બ્લોક થઇ ગયો હતો

**આ બ્લાસ્ટમાં બે મજૂરોના મોત થયા છે, જ્યારે એક રાહદારી ગંભીર રીતે ઘાયલ થવા પામ્યો હતો**

# ચાંગોદર-બાવળા હાઇવે પર ઓક્સિજન સિલીન્ડર ભરેલી આઇશરમાં બ્લાસ્ટ



। (એજન્સી) અમદાવાદ, તા.૨૯ ।

અમદાવાદ શહેરમાંથી પસાર થતો ચાંગોદર-બાવળા હાઈવે પર સોમવારે બપોરે એક ભયાનક અકસ્માત સર્જાયો છે, અહીં હાઈવે પર એક ઓક્સિજન સિલીન્ડર ભરેલી આઈશરમાં બ્લાસ્ટ થયો હતોઅમદાવાદ નજીક અકસ્માત નજીક ભયંકર અકસ્માતની ઘટના સર્જાઇ છે, અમદાવાદના ચાંગોદર અને બાવળા હાઈવે પર એક ઓક્સિજન સિલીન્ડર ભરેલી આઈશરમાં બ્લાસ્ટ થયો છે. આ બ્લાસ્ટમાં બે મજૂરોના મોત થયા છે, જ્યારે એક રાહદારી ગંભીર રીતે ઘાયલ થઈ છે.મળતી માહિતી પ્રમાણે, અમદાવાદ શહેરમાંથી પસાર થતો ચાંગોદર-બાવળા હાઈવે પર સોમવારે બપોરે એક ભયાનક અકસ્માત સર્જાયો છે, અહીં હાઈવે પર એક ઓક્સિજન સિલીન્ડર ભરેલી આઈશરમાં બ્લાસ્ટ થયો હતો, જેમાં બે મજૂરોના ઘટના સ્થળે જ મોત થયા હતા, જ્યારે આ બ્લાસ્ટ દરમિયાન રસ્તાં પર ચાલનારી એક રાહદારી મહિલાને પણ ગંભીર રીતે ઈજા પહોંચી હતી. હાલમાં આ ઘાયલ રાહદારી મહિલાને સારવાર અર્થે હૉસ્પીટલમાં ખસેડવામાં આવી છે.

ચાંગોદર-બાવળા હાઈવે પર આઈશરમાં બ્લાસ્ટ થવાના કારણે આખો હાઈવે રૉડ બ્લૉક થઈ થયો હતો અને ઠેર ઠેર વાહનોનું ટ્રાફિક જામના દ્રશ્યો સર્જાયા હતા. ખાસ વાત છે કે, અકસ્માત થયેલી આઈશરમાં ઓક્સિજન સિલીન્ડર વટવાની એવરેસ્ટ ગેસ કંપનીના હતા, જેને બાવળાની કંપનીમાં લઈ જવામાં આવી રહ્યાં હતા.

**ન્યૂઝ બ્રિફ**

### સુરત રેલવે સ્ટેશનમાં ૪ ફેબ્રુ.એ પ્લેટફોર્મ નંબર ૪ બંધ રહેશે

। (એજન્સી) સુરત, તા.૨૯ ।

સુરત રેલવે સ્ટેશનને વર્લ્ડ ક્લાસ બનાવવાની કામગીરી તેજ ગતોએ ચાલી રહી છે. પૂર જોશમાં ચાલી રહી રહેલી વિકાસની કામગીરીના કારણે મુસાફરોને કેટલીક સમસ્યાઓનો પણ સામનો કરવો પડશે.સુરતમાં હવે સ્ટેશનના એલિવેટેડ કોક્રોર્સને બનાવવાની કામગીરી હાથ ધરવામાં આવી છે. આ કામગીરીને દરમિયાન પ્લેટફોર્મ નંબર ૪ બંધ રહેશેસુરત રેલ્વે સ્ટેશનના વિકાસનો હેતુ સ્થાનિક અર્થતંત્રને વધુ મજબૂત કરવાનો અને શહેરની પ્રવાસન ક્ષમતાને વેગ આપ વાનો છે. મુસાફરોને વિશ્વકક્ષાની સુવિધાઓ પૂરી પાડવા માટે સ્ટેશનને વૈશ્વિક ધોરણો અનુસાર વિકસાવવામાં આવશે. સુરત ગુજરાતનું બીજું સૌથી મોટું શહેર છે.

### પાસપોર્ટની પડતર અરજીના નિકાલ માટે ૩ ફેબ્રુઆરીએ પાસપોર્ટ અદાલત યોજાશે

। (એજન્સી) અમદાવાદ, તા.૨૯ ।

પાસપોર્ટ અદાલતમાં, બે વર્ષ સુધી પાસપોર્ટ એડોપ્શન, ક્રિમીનલ કે જન્મ તારીખમાં જરૂરી સુધારો વધારો કરવા જેવા કારણોસર અરજી અટકી હોય તેવા કિસ્સાને પ્રાધાન્ય આપવામાં આવશે. આવા કિસ્સામાં જેમની અરજી પાસપોર્ટ માટે પડતર હશે તેમને રુબરુ બોલાવવામાં આવશે અને સ્થળ પર જ તેમની અરજીનુ જરૂરી દસ્તાવેજને સામેલ કરીને નિરાકરણ લાવવામાં આવશે. પાસપોર્ટની પડતર અરજીના નિકાલ માટે રિજ્યોનલ પાસપોર્ટ કચેરી દ્વારા ખાસ ઝુંબેશ હાથ ધરવામાં આવતી હોય છે. જેના ભાગરૂપે આગામી ૩ ફેબ્રુઆરીના રોજ, અમદાવાદમાં પાસપોર્ટ અદાલતનું આયોજન કરાયું છે. આ પાસપોર્ટ અદાલતમાં, ૧૬૦૦ જેટલા અરજદારોને બોલાવવામાં આવ્યા છે.પાસપોર્ટ અદાલતમાં, બે વર્ષ સુધી પાસપોર્ટ એડોપ્શન, ક્રિમીનલ કે જન્મ તારીખમાં જરૂરી સુધારો વધારો કરવા જેવા કારણોસર અરજી અટકી હોય તેવા કિસ્સાને પ્રાધાન્ય આપવામાં આવશે. આવા કિસ્સામાં જેમની અરજી પાસપોર્ટ માટે પડતર હશે.

**મહિલા દ્વારા એસિડ હુમલો કરાતા પૂર્વ પ્રેમીના ચહેરાને નુકસાન થયું**

## અમદાવાદમાં મહિલાએ પોતાના પૂર્વ પ્રેમી પર એસિડથી હુમલો કર્યો

। (એજન્સી) અમદાવાદ, તા.૨૯ ।

અમદાવાદમાં એક ચોંકાવનારા સમાચાર સામે આવ્યા છે. અહીં બ્રેકઅપ બાદ એક મહિલાએ પોતાના પૂર્વ પ્રેમી પર એસિડથી હુમલો કર્યો છે. મહિલા પ્રેમી દ્વારા સંબંધ ખતમ કરાતા નારાજ હતી. અલગ-અલગ સમુદાયથી જોડાયેલા મહિલા અને પુરૂષની પ્રથમ મુલાકાત બસમાં થઈ હતી. પોલીસે ઘટના બાદ મહિલા વિરુદ્ધ અમદાવાદના કાલુપુર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ દાખલ કરી તેની ધરપકડ કરી છે. પોલીસની તપાસમાં સામે આવ્યું કે મહિલા એએમટીએસમાં કામ કરતા પુરૂષની સાથે આઠ વર્ષથી સંબંધમાં હતી. મહિલા દ્વારા એસિડ હુમલો કરાતા પૂર્વ પ્રેમીના ચહેરાને નુકસાન થયું છે.

કાલુપુર પોલીસ સ્ટેશનમાં નોંધાયેલી ફરિયાદ અનુસાર શહેરના બાપુનગર વિસ્તારની એવરેસ્ટ સોસાયલીમાં રહેતા રાકેશ બ્રહ્મભટ્ટ ૨૬ વર્ષથી એએમટીએસમાં છે અને વર્તમાનમાં કાલુપુરમાં અમદાવાદ રેલવે સ્ટેશનની સામે તેની નિયંત્રણ કેબિનમાં તૈનાત છે. ૨૭ જાન્યુઆરીએ જ્યારે રાકેશ બ્રહ્મભટ્ટ (૫૧) કંટ્રોલ કેબિનમાં ડ્યુટી પર હતા, ત્યારે જુહાપુરામાં આયશા મસ્જિદની પાસે અંજુમ પાર્કમાં રહેતી મહઝબીન છુવાના (૪૦) એ રાકેશ બ્રહ્મભટ્ટ પર એસિડ હુમલો કર્યો હતો. તપાસમાં સામે આવ્યું કે આ મામલો એક્સ્ટ્રા મેરિટલ અફેરનો છે. પહેલાથી પરીણિત રાકેશ બ્રહ્મભટ્ટના પરિવારને જ્યારે ખબર પડી કે તેના મહઝબીન સાથે સંબંધ છે તો તેણે તેનાથી અંતર બનાવી લીધુ હતું. મહઝબીનથી આ સહન થયું નહીં અને તેણે એસિડથી હુમલો કરવાનું નક્કી કર્યું હતું રાકેશ બ્રહ્મભટ્ટે પોલીસને જણાવ્યું કે મહઝબીન સાથે મુલાકાત એએમટીએસની બસમાં થઈ હતી. જેમાં તે હંમેશા યાત્રા કરતી હતી. ત્યારબાદ બંને નજીક આવ્યા અને પ્રેમ થઈ ગયો હતો. બંનેએ આઠ વર્ષ સુધી પોતાનો સંબંધ રાખ્યો પરંતુ તેમાં ત્યારે વળાંક આવ્યો જ્યારે બ્રહ્મભટ્ટની પત્નીને તેના વિશે જાણ થઈ તો તેણે મહઝબીન સાથે સંબંધ તોડવો પ ડ્યો હતો.

**અમદાવાદ શહેર ટ્રાફિક પોલીસ વિભાગના વિશેષ સહયોગથી માર્ગ સલામતી જાગૃતતા અંગે**

## યુવાનોના પ્રશિક્ષણ અને માર્ગ સલામતી જન-જાગૃતતા અન્વયે નરોડા વિસ્તારમાં ભવ્ય રેલીનું આયોજન કરાયું

**યુવાનોને ભારત સરકારની વિભિન્ન યોજનાઓમાં સ્વયંસેવક તરીકે જોડાવા અને 'માય ભારત' પોર્ટલ પર રજિસ્ટર કરવાં અંગે પ્રેરણા આપવામાં આવી**

। (માહિતી) અમદાવાદ, તા.૨૯ ।

ભારત સરકારના યુવા કાર્યક્રમ અને રમતગમત મંત્રાલય અંતર્ગત કાર્યરત 'માય ભારત' અને નહેરૂ યુવા કેન્દ્ર, અમદાવાદ દ્વારા રાષ્ટ્રીય માર્ગ સલામતી જાગૃતતા સપ્તાહના સમાપન સમારોહ નિમિત્તે અમદાવાદ પૂર્વ વિસ્તારના નરોડામાં આવેલી પ્રસિદ્ધ નવયુગ વિદ્યાલયમાં અમદાવાદ શહેર ટ્રાફિક પોલીસ વિભાગના વિશેષ સહયોગથી માર્ગ સલામતી જાગૃતતા અંગે યુવાનોના પ્રશિક્ષણ અને માર્ગ સલામતી જન-જાગૃતતા અન્વયે ભવ્ય રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં ખૂબ મોટી સંખ્યામાં યુવાનોએ ઉત્સાહભેર ભાગ લઈ કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.



આ કાર્યક્રમના મુખ્ય મહેમાન તરીકે પધારેલા જાણીતા યુથ આઈકોન અને મોટીવેશનલ સ્પીકર તથા DCP ટ્રાફિક, પૂર્વ અમદાવાદ, શ્રી સાફીન હસન દ્વારા રેલીમાં ભાગ લઈ રહેલા યુવાનોને માર્ગ સલામતી અને ટ્રાફિક નિયમો તેમજ સાઈબર જાગૃતિ અંગે માહિતગાર કરી, ટ્રાફીક નિયમોનું ગંભીરતાથી પાલન કરવા અને જવાબદાર નાગરિક તરીકેની ફરજ નિભાવવા પ્રેરિત કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત, નહેરૂ યુવા કેન્દ્ર અને માય ભારત દ્વારા ચલાવવામાં આવતા જનજાગૃતિ અને યુવા વિકાસ કાર્યક્રમો અંગે કાર્યક્રમમાં હાજર યુવાનોને માહિતગાર કરી ભારત સરકારની વિભિન્ન યોજનાઓમાં સ્વયંસેવક તરીકે જોડાવા અને માય ભારત પોર્ટલ પર રજિસ્ટર કરવાં અંગે પ્રેરણા આપી હતી. ત્યારબાદ, પ્રતિભાગી યુવાનોને માર્ગ સલામતીની પ્રતિજ્ઞા પણ લેવડાવવામાં આવી હતી. નહેરુ યુવા કેન્દ્ર, અમદાવાદ દ્વારા આ યુવાનોને ટીશર્ટ, કેપ, માય ભારત બેઝનું વિતરણ કરવામાં આવ્યું હતું. ઉપરોકત કાર્યક્રમમાં અમદાવાદના જિલ્લાના યુવા અધિકારી, શ્રી પ્રિતેશકુમાર ઝવેરી, શ્રી દિલીપકુમાર નિનામા, PI ટ્રાફીક, શ્રી એ. જે. પાંડવ, નરોડા વિસ્તારના PI શ્રી શેખ, નવયુગ વિદ્યાલયના આચાર્યશ્રી, ટ્રસ્ટીશ્રીઓ તથા શાળાના સ્ટાફગણ હાજર રહ્યા હતા.

**ગુજરાત સરકાર દ્વારા ભરતીની જગ્યામાં કરાયો વધારો**

## ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા ૪૩૦૦થી વધારી ૫૨૦૦ જગ્યા કરાઈ




। (એજન્સી) ગાંધીનગર, તા.૨૯ ।

સરકારી નોકરી માટે તૈયારી કરતા યુવાનો માટે ખુબ જ સારા સમાચાર સામે આવ્યા છે. જી હાં ગુજરાત સરકારના ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા ૪૩૦૦ જગ્યાઓ માટે ભરતી બહાર પાડવામાં આવી હતી. જે જગ્યાઓ ૪૩૦૦થી વધારીને ૫૨૦૦ કરાઈ છે. ગૌણ સેવા પસંદગી મંડળ જુનિયર ક્લાર્ક, હેડ ક્લાર્ક, ઓફિસ આસિસ્ટન્ટ સિનિયર ક્લાર્ક સહિત ૧૭ કેડર માટે ૪૩૦૦ જગ્યાઓ માટે જાહેરાત કરી હતી.

ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર દ્વારા ગુજરાત ગૌણ સેવા, વર્ગ-૩ (ગ્રુપ- છ તથા B)ની જગ્યામાં વધારો કરાયો છે. મંડળ દ્વારા તા. ૦૩ જાન્યુઆરી ૨૦૨૪ના રોજ પ્રસિદ્ધ કરવામાં આવેલ જાહેરાતમાં સિનિયર ક્લાર્ક સંવર્ગની કુલ ૫૩૨ જગ્યાઓ પૈકી ક્રૂમાંક-૮ સામેની કમિશનર મહિલા અને બાળ વિકાસની કચેરી (ICDS)ની કુલ ૧ જગ્યા બિનઅનામત (સામાન્ય) તરીકે દર્શાવેલ છે જે બિનઅનામત મહિલા ઉમેદવાર માટે અનામત રાખવામાં આવશે. વધુમાં મંડળને ખાતાના વડાની કચેરીઓમાંથી મળેલ નવા માંગણાપત્રકોને ધ્યાને લઈ મંડળની તા. ૦૩ જાન્યુઆરી ૨૦૨૪ના રોજ પ્રસિદ્ધ કરવામાં આવેલ જાહેરાતમાં સીધી ભરતીથી ભરવાની થતી જુનીયર ક્લાર્ક સંવર્ગની ૨૦૧૮ જગ્યાઓની સંખ્યામાં ૮૯૮ જગ્યાઓનું ઉમેરો કરીને જુનીયર ક્લાર્ક સંવર્ગની કુલ ૨૯૧૬ જગ્યા પર ભરતી કરાશે.

## કોંગ્રેસના વધુ બે પૂર્વ ધારાસભ્યોએ કેસરિયો ધારણ કરી લીધો

। (એજન્સી) ગાંધીનગર, તા.૨૯ ।

લોકસભા ચૂંટણી ૨૦૨૪ નજીક આવી રહી છે તેમ તેમ પક્ષપલટા અને રાજીનામાનો દોર શરૂ થઈ ગયો છે. હજુ થોડા દિવસ પહેલા જ વિજાપુરના ધારાસભ્ય સી.જે. ચાવડાએ કોંગ્રેસ સાથે છેડો ફાડ્યો હતો. હવે ગુજરાત કોંગ્રેસમાં મોટા માથા કહેવાતા, જામજોધપુરના કોંગ્રેસના પૂર્વ ધારાસભ્ય ચિરાગ કાલરિયા અને ડભોઈના પૂર્વ ધારાસભ્ય બાલકૃષ્ણ પટેલ તેમજ બરોડા ડેરીના ડિરેકટર કુલદીપસિંહ રાઉલજી પોતાના સમર્થકો સાથે ભાજપમાં જોડાઈ ગયા છે. ગુજરાત ભાજપના પ્રદેશ પ્રમુખ સી.આર પાટીલે સોમવારે બપોરે એક કાર્યક્રમમાં ચિરાગ કાલરિયા અને બાલકૃષ્ણ પટેલને કેસરિયો પહેરાવ્યો હતો. ઉલ્લેખનીય છે કે, ૨૦૧૭માં ચિરાગ કાલરિયા જામજોધપુરની બેઠકથી કોંગ્રેસની ટિકિટ પરથી ચૂંટણી જીત્યા હતા.

## નેક્સસ અમદાવાદ વન લઈને આવે છે બિસ્વા કલ્યાણ રથ લાઈવ : અનોખી કોમેડીની રાત

। અમદાવાદ, તા.૨૯ ।

અમદાવાદના અગ્રણી નેકસસ અમદાવાદ વને બિશ્વા કલ્યાણ રથ સાથે સ્ટેન્ડ આપ કોમેડી શો ની જાહેરાત કરી છે. બુદ્ધિ અને રમૂજ માટે જાણીતા, બિસ્વાએ તેની સંપૂર્ણ કોમેડી દર્શાવવા માટે યુટ્યુબ પરના તેના પ્રિટેન્ટિયસ મૂવી રિવ્યુને પાર કર્યા છે. હાસ્યથી ભરપૂર આ સાંજ સમજદાર ચૂટકાઓ અને નવીન અનોખા જોક્સ સાથે હાસ્ય રેલાવવા વચનબદ્ધ છે. બિસ્વા કલ્યાણ રથ, આઈઆઈટી-બોમ્બે થી શિક્ષિત છે અને ગણિત ભાષા અને જીવનની ઊંડી સમાજ સાથે એક હાસ્યપ્રેરક તરિકે નામના મેળવી છે. ૧ કલાક અને ૩૦ મિનિટના પર્ફોર્મન્સ માટે બધુ સેટ છે અને તે ટુચકાઓ સાથે પ્રેક્ષકોને મોહિત કરશે તેની ખાતરી છે.







માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨